RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 217 Dt. 20-2-2025 Page : 08 Price : Rs 3






Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# ગુજરાતનું આજે ગતિશીલ બજેટ

## ૩.૫૦ કરોડથી વધુનું અંદાજપત્ર હોવાનું ધારણા : બજેટ સત્રમાં કુલ ૪ નવા વિધેયકો પસાર કરાશે અને ૧૦ નવી જાહેરાત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

કોઈપણ દેશ અને રાજ્યનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે જે તે દેશ અને રાજ્યનું અંદાજપત્ર યોગ્ય અને પારદર્શક હોય જેમાં એ વાતની સ્પષ્ટતા હોય કે રૂપિયો ખરા અર્થમાં ક્યાંથી આવશે અને કયા ખર્ચાશે. એટલું જ નહીં વૈકલ્પિક વ્યવસ્થા આવકના શ્રોતને ઉભા કરવા માટે શું વ્યવસ્થા કરવામાં આવશે આ તમામ પરિબળો ને જો યોગ્ય દિશામાં અમલી બનાવવામાં આવે તો જે બજેટ એટલે કે અંદાજપત્ર જે રજૂ કરવામાં આવતું હોય તેનો યોગ્ય અર્થ સાર્થક થઈ શકે અને જે તે રાજ્યનો વિકાસ પણ પૂર્ણતઃ શક્ય બને. ગઈકાલથી ગુજરાત વિધાનસભામાં બજેટ ક્ષેત્રની શરૂઆત થઈ ચૂકી છે અને આજે નાણામંત્રી દ્વારા બજેટ પણ રજૂ કરવામાં આવશે ત્યારે અંદાજો વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે આ એટલે કે નવા નાણાકીય વર્ષનો બજેટનું કદ આશરે ૩ લાખ કરોડથી વધુનું હોઈ શકે છે અને અનેકવિધ વિકાસલક્ષી યોજનાઓને પણ સમાવવામાં આવી શકે છે ત્યારે આજે ખ્યાલ આવશે કે રાજ્યનું બજેટ કેવું છે અને રાજ્યના વિકાસના દ્વાર કઈ દિશામાં ખોલશે .

તજજ્ઞો દ્વારા મળતી માહિતી મુજબ જે અંદાજપત્ર રજૂ કરવામાં આવશે તે કાયદાકીય કાર્ય સૂચિ માટે એક અત્યંત મહત્વપૂર્ણ પગલું પણ માનવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગુજરાત સરકારનું સંપૂર્ણ ધ્યાન રાજ્યના નાણાકીય આયોજન પર રહેશે. રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસે ૨૦ ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક બજેટ રજૂ કરશે. આ બજેટ આગામી વર્ષ માટે નાણાકીય ફાળવણી અને પ્રાથમિકતાઓની રૂપરેખા આપે છે. રિપોર્ટ અનુસાર, આ બજેટમાં ૧૦ નવી જાહેરાતો થઈ શકે છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે ગુજરાત બજેટના કુલ ખર્ચમાં અનુત્પાદક ખર્ચ રૂ. ૧.૫૧ લાખ કરોડ છે.

બીજી તરફ ઉત્પાદક ખર્ચ રૂ. ૧.૩૩ લાખ કરોડ છે. આમ ગુજરાતના કુલ બજેટ ખર્ચમાં બિન-ઉત્પાદક ખર્ચનું પ્રમાણ ઉત્પાદક ખર્ચ કરતાં વધારે છે. આ પરિણામો ગુજરાતમાં આરોગ્ય સંભાળ નિયમન અને ફિઝીયોથેરાપી વહીવટ માટે નોંધપાત્ર અસરો ધરાવી શકે છે. વિધાનસભાનો કાર્યસૂચિ આરોગ્ય સંભાળ સુધારા અને નાણાકીય આયોજન બંને પર કેન્દ્રિત રહેશે.બજેટ સત્રના પ્રથમ દિવસે જ રાજ્યપાલે જણાવ્યું કે, ગુજરાતની વિકાસ યાત્રા અને આયોજન કાર્યક્રમોમાં ગ્યાન (ञ्ञअग) એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ અને ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પ્રો-એવક્ટિ પોવલસીઝ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, મૂડી રોકાણકારો માટે સાનુકૂળ માહોલ, સુગ્રથિત ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉચ્ચ જીવનધોરણ જેવા પરિબળો થકી ગુજરાત આજે દેશ અને દુનિયાના રોકાણકારો માટે ડેસ્ટિનેશન ઓફ ફર્સ્ટ ચોઇસ બન્યું છે. પોલિસી ડ્રિવન અને સેક્ટર સ્પેસિફિક પોલિસીઝ ધરાવતા રાજ્ય તરીકે ગુજરાત દેશ વિદેશના ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઇસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ બનવા પાછળ ગુજરાત સરકારના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહિત કરતા વાઇબ્રન્ટ ગુજરાત સમિટ જેવા કાર્યક્રમોનો સિંહફાળો છે.ગુજરાતમાં વિધાનસભાના બજેટ સત્રનો ગઈકાલથી પ્રારંભ થઈ ગયો છે. આવતીકાલે ૨૦ ફેબ્રુઆરીના રોજ નાણામંત્રી કનુ દેસાઈ બજેટ રજૂ કરશે. આજથી આરંભ થતા બજેટ સત્રની શરૂઆત રાજ્યપાલના સંબોધનથી થઈ હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા સંસ્કૃત શ્લોક સાથે ભાષણની શરૂઆત કરી. નોંધનીય છે કે ગુજરાત વિધાનસભા બજેટ સત્રને લઈને શાસક પક્ષના હોલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં ભાજપ ધારાસભ્યોની બેઠક મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસ યાત્રા સતત આગળ વધી રહી છે. દેશભરમાં સરકારે હમારા સંવિધાન હમારા સ્વાભિમાનના નારા હેઠળ અભિયાન હાથ ધરી પ્રજામાં દેશભાવના જાગૃત કરવા પ્રયાસ કર્યો. ખંડિત ભારતને એક કરવા સરદાર પટેલના યોગદાનને કોઈ ભૂલી શકે નહીં. સરદાર પટેલે રાજા રજવાડાઓને એક સૂત્રમાં બાંધ્યા. ગુલામીમાંથી બહાર નીકળવામાં સરદારનું મહત્વનું યોગદાન રહ્યું. ભારતના ઈતિહાસમાં વનબંધુઓનું અમૂલ્ય યોગદાન છે. આધુનિક સમય સાથે તાલ મિલાવતા અઈ ટાસ્કફોર્સનું ગઠન કરવામાં આવ્યું છે. ૨૦૨૫-૨૦૨૬ના અંદાજિત ૩.૭૨ લાખ કરોડનું બજેટ રહેવાની સંભાવના. બજેટ સત્રમાં કુલ ૪ નવા વિધેયકો પસાર કરાશે અને ૧૦ નવી જાહેરાત કરવામાં આવશે. ૩૮ દિવસના બજેટમાં ૨૭ બેઠક મળશે.

# દિલ્હીના CM તરીકે રેખા ગુપ્તા

## આજે શપથ સમારોહ : પ્રવેશ વર્મા ડેપ્યુટી ઈખ જ્યારે વિજેન્દ્ર ગુપ્તાને વિધાનસભાના સ્પીકર તરીકે કરાયા પસંદ



નવીદિલ્હી, તા. ૧૯

દિલ્હીના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી છે, ભાજપે રેખા ગુપ્તાના નામને મંજૂરી આપી છે. રેખા ગુપ્તાનું નામ સોશિયલ મીડિયા પર દરેક જગ્યાએ ટ્રેન્ડ કરી રહ્યું છે. દિલ્હીના ભાવિ સીએમ તરીકે રેખા ગુપ્તાનું નામ મોખરે હતું. ભાજપે રેખા ગુપ્તાના નામની જાહેરાત કરી છે, આવતીકાલે એટલે કે ૨૦ ફેબ્રુઆરીએ રેખા ગુપ્તા રામલીલા મેદાનમાં દિલ્હીના નવા સીએમ તરીકે શપથ લેશે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર રેખા ગુપ્તાના નામનો જયજયકાર થઈ રહ્યો છે, તેના ઘરની બહાર મહિલાઓની ભારે ભીડ એકઠી થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે રેખા ગુપ્તાના નામની જાહેરાત પહેલા જ તેમના સાસુએ મીડિયા સામે દાવો કર્યો હતો કે તેમની વહુ દિલ્હીની સીએમ બનશે.

રેખા ગુપ્તાના સાસુએ દાવો કર્યો હતો કે તેમની વહુ સક્ષમ છે, ખૂબ મહેનત કરે છે, અમે બધા સાથે રહીએ છીએ, તેમણે મારા આશીર્વાદ લીધા છે, મને ૯૯ ટકા આશા છે કે તે સીએમ બનશે. રેખા ગુપ્તાના નામની જાહેરાત સાથે જ તેની સાસુનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો પર લોકો કમેન્ટ કરી રહ્યા છે, લોકોનું કહેવું છે કે જેના ઘરના વડીલોના આશીર્વાદ હોય છે તે ચોક્કસ સફળ થાય છે. રેખા ગુપ્તાની સાસુ હાથમાં મીઠાઈનો ડબ્બો લઈને ખુશીઓથી ભરેલી છે, સાસુ અને વહુ વચ્ચેનો પ્રેમ જોઈને લોકો ખુશ છે.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને શાલીમાર બાગના ધારાસભ્ય રેખા ગુપ્તાને દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, બુધવારે ધારાસભ્ય દળની બેઠક બાદ ભાજપના સૂત્રોએ પુષ્ટિ કરી હતી. નવી દિલ્હીના ધારાસભ્ય પ્રવેશ વર્મા ડેપ્યુટી સીએમ બનવાના છે અને રોહિણીના ધારાસભ્ય વિજેન્દ્ર ગુપ્તાને દિલ્હી વિધાનસભાના સ્પીકર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

વિધાનસભા ચૂંટણીમાં ૭૦ માંથી ૪૪ બેઠકો પર સ્પષ્ટ બહુમતી મેળવીને ભાજપ ૨૭ વર્ષ પછી દિલ્હીમાં સત્તા પર પાછો ફર્યો, જેના પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર થયા. નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ રામલીલા મેદાનમાં યોજાનાર છે.

### CMના નામ માટે પાર્ટીના તમામ ૪૮ ધારાસભ્યો સર્વસંમત

દિલ્હી પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં, તેણીને સર્વસંમતિથી પક્ષના ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવી હતી. રેખા ગુપ્તા દિલ્હીની શાલીમાર બાગ વિધાનસભા સીટથી પહેલીવાર ધારાસભ્ય બની છે. તેણીનો જન્મ હરિયાણામાં થયો હતો અને તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે સંકળાયેલી છે. ધારાસભ્ય દળની બેઠકમાં પાર્ટીના તમામ ૪૮ ધારાસભ્યો હાજર રહ્યા હતા. ધારાસભ્ય દળની બેઠક બાદ પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે જાહેરાત કરી હતી કે રેખા ગુપ્તાને સર્વસંમતિથી ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવી છે.

ભાજપ સંસદીય બોર્ડે પ્રસાદ અને રાષ્ટ્રીય સચિવ ઓમ પ્રકાશ ધનખરને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા. ભાજપના સાંસદો મનોજ તિવારી અને કમલજીત સેહરાવતે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી હશે અને તેઓ આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે શપથ લેશે.

# મહાકુંભ મામલે નેશનલ ગ્રીનલે યુપી સરકારની કાઢી ઝાટકણી

## સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અહેવાલ સામે વાંધો ઉઠાવતું NGT

## નદીના પાણીમાં ફેકલ કોલિફોર્મના સ્તરનો કોઈ ઉલ્લેખ નથી

નવીદિલ્હી, તા. ૧૯

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે બુધવારે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ગંગા અને યમુના નદીના પાણીની નબળી ગુણવત્તાના મુદ્દે ઉત્તર પ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઝાટકણી કાઢી હતી.

ટ્રિબ્યુનલે યુપીપીસીબીને ખુલાસો કરવા કહ્યું છે કે શું તે મહાકુંભ દરમિયાન ગંગા અને યમુના નદીમાં વિવિધ સ્થળોએ ફેકલ કોલિફોર્મના ઉચ્ચ સ્તરને લઈને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના અહેવાલ સામે વાંધો ઉઠાવે છે? NGTમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીના પાણીની ગુણવત્તા નિર્ધારિત માપદંડો પર નથી અને ઘણી જગ્યાએ પાણીમાં ફેકલ કોલિફોર્મની માત્રા ઘણી વધારે છે. એનજીટીના ચીફ જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ, ન્યાયિક સભ્ય જસ્ટિસ સુધીર અગ્રવાલ અને નિષ્ણાત સભ્ય એ. સેન્થિલ વેલની બેન્ચે સખત નારાજગી વ્યક્ત કરી હતી જ્યારે એવું કહેવામાં આવ્યું હતું કે CPCBએ પરીક્ષણ માટે નદીઓમાંથી પાણીના નમૂના લેવાના સ્થળ વિશે માહિતી આપી નથી.

ઉત્તર પ્રદેશ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી હાજર થયેલા રાજ્યના એડિશનલ એડવોકેટ જનરલ ગરિમા પ્રસાદે બેન્ચને કહ્યું કે સીપીસીબીએ તે જગ્યાઓ વિશે માહિતી આપી નથી જ્યાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આના પર બેન્ચે મૌખિક રીતે પૂછ્યું કે, 'શું UPPCB સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિપોર્ટ સામે વાંધો ઉઠાવી રહી છે કે તેને પડકારી રહી છે? ખંડપીઠે જણાવ્યું હતું કે પરીક્ષણ માટે નદીમાંથી પાણીના નમૂના લેતા પહેલા સ્થાનની માહિતી આપવા માટે CPCB માટે કોઈ વૈધાનિક આવશ્યકતા નથી. એનજીટીના ચીફ જસ્ટિસ શ્રીવાસ્તવે પણ યુપીપીસીબીની ઝાટકણી કાઢી, કહ્યું કે સેમ્પલ કલેક્શન પોઈન્ટ્સથી કોઈ ફરક પડતો નથી અને એટલું પૂરતું છે કે નદીનો ભાગ પ્રદૂષિત છે.

યુપીના એડિશનલ એડવોકેટ જનરલ ગરિમા પ્રસાદે પણ ખંડપીઠને જણાવ્યું હતું કે યુપીપીસીબીએ મંગળવારે આ મુદ્દે કાર્યવાહીનો અહેવાલ દાખલ કર્યો છે.

આના પર, બેન્ચે કહ્યું કે રિપોર્ટમાં નદીના પાણીમાં ફેકલ કોલિફોર્મના સ્તરનો કોઈ ઉલ્લેખ નથી અને રિપોર્ટ ૧૨ જાન્યુઆરી પહેલાની તારીખો સાથે સંબંધિત છે. આના પર એડિશનલ એડવોકેટ જનરલ પ્રસાદે NGTને ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર યોગ્ય અને સુધારાત્મક પગલાં લઈ રહી છે અને એક અઠવાડિયામાં નવો રિપોર્ટ દાખલ કરવામાં આવશે.

સીપીસીબીએ તપાસ રિપોર્ટ રજૂ કરતાં એનજીટીને કહ્યું હતું કે ગંગા અને યમુના નદીનું પાણી નિર્ધારિત ધોરણો મુજબ નથી અને ઘણી જગ્યાએ પાણીમાં ફેકલ કોલિફોર્મની માત્રા નિર્ધારિત ધોરણ કરતાં વધુ છે.

સીપીસીબીએ જણાવ્યું હતું કે વિવિધ પ્રસંગોએ નિરીક્ષણ કરાયેલા તમામ સ્થળોએ નદીના પાણીની ગુણવત્તા ફેકલ કોલિફોર્મ (એફસી) ના સંબંધમાં સ્નાન માટે પ્રાથમિક પાણીની ગુણવત્તાને અનુરૂપ નથી.

### રાજ્યવ્યાપી દરોડામાં ઈન્કમટેક્સને મળી સફળતા

# ભાવનગરમાં વિવિધ સ્થળોથી ચાર કરોડથી વધુની રોકડ લાગી હાથ, ૨૦ લોકરો સીઝ

## ડિજિટલ ડેટામાં પણ અનેકવિધ ચોકાવનારા થયા છે ખુલાસા : બેનામી વ્યવહારનો આંકડો ખૂબ મોટો આવે તો નવાઈ નહીં , કપાસનો ધમધમાટ હજુ પણ યથાવત

ભાવનગર, તા. ૧૯

ગઈકાલે આવકવેરા વિભાગના રાજ્યવ્યાપી દરોડા પડ્યા છે તેમાં ભાવનગર અમદાવાદ વલસાડ વાપી સહિત અન્ય અનેક સ્થળો પર આવકવેરા વિભાગની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ગઈકાલે જ વિભાગને ધારી એવી સફળતા મળી ગઈ હતી પરંતુ મળતી માહિતી મુજબ ગઈકાલ સાંજ સુધીમાં ચાર કરોડ રૂપિયા રોકડ અને ૨૦ થી વધુ લોકર હાલ વિભાગ દ્વારા સીલ કરી દેવામાં આવ્યા છે એટલું જ નહીં ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો પણ સામે આવ્યા છે જેનો આંકડો હજુ બહાર પાડવામાં આવ્યો નથી પરંતુ એ વાત સ્પષ્ટ છે કે અપેક્ષા કરતાં વિભાગને ઘણું ખરું હાથ લાગ્યું છે જેમાં ડિજિટલ ઉપકરણોમાં પણ વિવિધ પેઢીઓના કાળા ચિઠ્ઠા બહાર આવ્યા છે.

ભાવનગર શહેરમાં આવકવેરા વિભાગ દ્વારા મેગા સર્ચ-ઓપરેશન હાથ ધરાયું છે. દિલ્હીની ઈંઝ ટીમની આગેવાની હેઠળ અમદાવાદ, વડોદરા અને સુરત સહિતના ૫૦૦થી વધુ અધિકારીઓ આ ઓપરેશનમાં સામેલ થયા છે.

૧૧ પેઢીનાં ૩૨ સ્થળો પર ૩૬ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જાણીતા બિલ્ડરો, ડોક્ટરો, ઉદ્યોગપતિઓ અને નામાંકિત જ્વેલર્સને ત્યાં દરોડા પાડી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આઈટી દ્વારા શહેરના નામાંકિત બિલ્ડર અને રાજકીય આગેવાન ગિરીશ શાહના ઘર સહિત વ્યાવસાયિક સ્થળો પર સર્ચ હાથ ધર્યુ છે. શહેરમાં ગિરીશ શાહની બિલ્ડકોન પેઢી અને આતભાઈ ચોક નજીક બંગલા પર ચેકિંગ હાથ ધરાયું હતું. ઈંઝ દ્વારા ગઈકાલ એટલેકે ૧૮મી ફેબ્રુઆરીથી આ ઓપરેશન શરૂ થયું હતું. આવકવેરા વિભાગની અચાનક કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

દરમ્યાન ભાવનગરમાં ગઈકાલે સવારથી જ આવકવેરા વિભાગે દરોડા અને સર્ચની કામગીરી શરૂ કરી હતી જે ગઈકાલે પણ ચાલુ હતું. આવકવેરા ના દરોડામાં ભાજપના અગ્રણી, બિલ્ડરો, જવેલર્સ, સોપારીના વેપારી, ફાયનાન્સરોની ૧૧ પેઢીઓના ૩૨ સ્થળોએ ૩૬ ટીમો તપાસ કરી રહી છે. પ્રાથમિક વિગતો પ્રમાણે ૪ કરોડથી વધુ રોકડ તથા બે ડઝન જેટલા બેન્ક લોકર સીઝ કરવામાં આવ્યા છે. ફંડ ક્યાંથી આવે છે? ગ્રાહકો પાસેથી કેટલા રોકડા લેવામાં આવે છે? કેટલા રોકડા ચૂકવવામાં આવે છે? આ ઉપરાંત અનેક સોની વ્યાપારીઓ છે, પર્ફ્યૂમ કંપનીઓ અનેક બિલ્ડરોને ત્યાં હાલ ઓપરેશન ચાલુ છે. જોકે હજી આ ઓપરેશનની અંદર કોઈ પાસેથી કેટલી ગેરરીતિ ઝડપાઈ એ સામે આવ્યું નથી

ભાવનગરના દરોડાની કામગીરીમાં ભાવનગર, અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિતના સ્થળોના આવકવેરા વિભાગના ૫૦૦થી વધુ કર્મચારીઓને દરોડા-સર્ચની કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે. ૩૬ ટીમોએ ૧૧ પેઢીઓ અને કુલ ૩૨ સ્થળોએ તપાસ ચલાવી રહી છે. ભાવનગરના મુખ્ય બે ફાઈનાન્સરો ને ત્યાંથી મોટા જથ્થામાં વાંધાજનક ચિઠ્ઠીઓ અને અન્ય સાહિત્ય મળ્યું હોવાનું જાણવા મળેલ છે. ભાજપના મોટા માથા ગણાતા બિલ્ડરોને ત્યાં દરોડો પડતા ચકચાર મચી જવા પામી છે.

### કોને ત્યાં પડ્યા દરોડા

ઓર્ચિડ બિલ્ડર (શિશુવિહાર ઓફિસ), કમલેશ શાહ (આંબાવાડી બંગલો), નિઝર કલીવાલા (શિશુવિહાર બંગલો), સિદ્ધિવિનાયક બિલ્ડકોન (સંજય સોનાણી શિવાંજલી બિલ્ડિંગ), બિલ્ડર પરેશ વ્યાસ, જેડી ઇન્ફ્રાકોન, ઈસ્કોન મેગાસિટી, મહાબલ ફાઈનાન્સ.

નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને લલચાવી છેતરી લેવાના વધુ ત્રણ કિસ્સા

# સુરતમાં CAને દોઢ કરોડનો ડામ



## અન્ય બનાવમાં યુવાનના નામે તેના જ ત્રણ મિત્રોએ લોન લઈ પંચાણુ લાખનો ચૂનો લગાવ્યોઃ ત્રીજી ઘટનામાં કપડાના વેપારી સાથે થઈ એકવીસ લાખની ઠગાઈ

રાજકોટઃ ઠગાઈની ઘટનાઓમાં સતત નવી નવી ઘટનાઓનો ઉમેરો થતો રહે છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં રોકાણની સ્કીમ જણાવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સાથે દોઢ કરોડની ઠગાઈ કરવામાં આવી છે. તેમજ અન્ય ત્રણ યુવાનો સાથે પાંસઠ લાખ છોતેર હજારની ઠગાઈ થઈ છે. ત્રીજી ઘટનામાં કપડાના વેપારી સાથે પંચાણુ લાખની છેતરપીંડી થઈ હતી.

વિગતો પર નજર કરીએ તો કાપોદ્રા એલએચ રોડ વિસ્તારમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમજ તેના પરિવારના સભ્યો પાસેથી સરખેદી પરિવારે તેમની અલગ અલગ કંપનીઓમાં રોકાણ કરશો તો બીજી કંપનીઓ કરતા વધારે નફો મળશે અને તમારૂ ફંડ પણ સિક્યોર રહેશે તેવી લોભામણી સ્કીમ આપી રોકાણ કરાવ્યા બાદ નફા સાથે રૂપિયા ૧.૫૫ કરોડ પરત નહી આપી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ઓનલાઈન વેબસાઈટ બંધ કરી છેતરપિંડી કરી હતી. સાગર સોસાયટી એલ.એચ. રોડ કાપોદ્રા ખાતે રહેતા અને સી.એ ના વ્યવસાય સાથે સંકળાયેલા નરેન્દ્ર ઘુસાભઈ બાથાણીએ ગતરોજ માર્શલ કનુ સરખેદી, કનુ પ્રમજી સરખેદીસ, નિધીબેન માર્શલ સરખેદી અને રસીલા કનુ સરખેદી (રહે, ચિત્રકુટ સોસાયટી, ડોકટર હાઉસ સામે હિરાબાગ, વરાછા) સામે ફરિયાદ નોંધાવી હતી.

ભોગ બનનારે જણાવ્યું હતું કે જણાવ્યું હતું કે આરોપીઓએ ડબ્લ્યુ ડબ્લ્યુ સ્ટાલિન વેલ્થ ડોટ કોમ અને ડબ્લ્યુ ડબ્લ્યુ ઈક્વિટાલેસટીએસ ડોટ કોમ નામની વેબસાઈટ બનાવી હતી. જેમાં તો ઈક્વિટાલ ડેલ્ટા એલએલપી, માર્શલ એન્ડ કો. કંપની અને સ્ટેલોન વેલ્થ નામથી પનીઓમાં પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ આપે છે. તમે અથવા તમારા મિત્ર સર્કલ પાસે રૂપિયા હોય તો અને તમે અમારી બંને કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ કરશો તો તેમને બીજી કંપની કરતા વધારે નફો આપીશુ અને તમારુ ફંડ પણ સિક્યોર રહશે તેવી લોભામણી વાતો કરી હતી. સરખેદી પરિવારની લોભામણી સ્કીમમાં આવી સી.એ નરેન્દ્રભાઈ બાથાણીએ અને તેના સંબંધીઓએ ગત તા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧,૧૩,૫૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું. આ રોકાણ સામે શરૂઆતમાં સરખેદી પરિવારે તેમને વિશ્વાસમાં લેવા માટે ૩૫,૨૫,૦૦૦ પરત આપ્યા હતા. નરેન્દ્રના રોકાણશ્વની વેબસાઈટની સિસ્ટમશ્વમાં તેમના નફા સાથે રૂપિયા ૧,૫૫,૫૭,૪૩૮ દર્શાવતા હતા. ત્યારબાદ સરખેદી પરિવારે પોતે તેમની વેબસાઈટ ઓપરેટ કરવા લાગી રોકાણકારોના એકાઉન્ટ અને તેમા કરેલ રોકાણશ્વ, તેનો નફો તથા નેટ અસેટ વેલ્યુ રોકાણ સામે મોટો નફો ખોટી રીતે વેબસાઈટમાં અપલોડ કરી હતી. નરેન્દ્ર અને તેના સંબંધીઓએ માંગતા ગલ્લા તલ્લા કરી રૂપિયા આપવા નથી થાય તે કરી લો અને જા રૂપિયા માંગશો તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વેબસાઈટ પણ બંધ કરી દીધી હતી. નરેન્દ્રભાઈને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવી જતા ગતરોજ સરખેદી પરિવાર સામે કાપોદ્રામાં ફરિયાદ નોંધાવી હતી.બીજી ફ્રોડની ઘટનામાં સત્યનારાયણ સોસાયટી મરઘા કેન્દ્ર રોડ કાપોદ્રા ખાતે રહેતા રમેશ ઘુસાભઈ સોડવડીયાના નામ ઉપર તેના મિત્ર સાગર માધવજી સુતરીયા અને તેનો ભાઈ ચિંતન માધવજી સુતરીયા (રહે, કૈલાશ હાઈટ્સ મોટા વરાછા)એ અલગ અલગ બેન્કોમાંથી લીધેલી પર્સનલ લોનના હપ્તા તેમજ ક્રેડિટ કાર્ડ લઈ તેના બીલના મળી રૂપિયા ૨૫,૦૨,૦૫૩, વિરેન કાંતી માલવીયાની લોનના ૩૪,૮૫,૦૦૦ તથા નિરજ પ્રવિણ કયાડાના રૂપિયા ૫,૮૮,૪૨૪ મળી કુલ રૂપીયા ૯૫.૭૫.૪૭૭ની ભરપાઈ નહી કરી છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે રમેશભાઈની ફરિયાદ લઈ સુતરીયા બંધુઓ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.ત્રીજી ઘટનામાં પુણાગામ યોગીચોક, શિવસંગીની રેસીડેન્સીમાં રહેતા કિશોરસિંહ ધીરૂભાઈ કોઠીયા રેડીમેઈડ કપડાના ધંધા સાથે સંકળાયેલા છે અને એ.કે. રોડ ફુલ માર્કેટ પાસે અંજત ડાયમંડ એસ્ટેટમાં બાલમુકુંદ ક્રિએશન ફર્મના નામથી ધંધો કરે છે. કિશોરભાઈ પાસેથી અમદાવાદ નિકોલ રોડ, અક્ષરધામ રેસીડેન્સીમાં રહેતા કાપડ દલાલ સુરેશ જાષી મારફતે અમદાવાદ રખીયાલ રોડ, સોની કી ચાલીશ્વ, સુમેલ પાર્કમાં કેશર કોર્પોરેશનના છગનારામ સકરામ ભાટીએ તૈયાર ટી શર્ટનો રૂપિયા ૨૦,૮૭,૭૭૮નો માલ ખરીદ્યો હતો. આ ટી-શર્ટનો માલ કિશોરભાઈ ટ્રાન્સપોર્ટમાં મોકલી આપ્યો હતો. માલ લીધા બાદ આરોપીઓએ તેમને બંધ બેન્કનો ચેક આપી પેમેન્ટ પછી ચુકવી આપીશું હોવાનુ કહ્યા બાદ કિશોરભાઈ દ્વારા અવાર નવાર ઉઘરાણી કરવા છતાંયે પેમેન્ટ નહી આપી છેતરપિંડી કરી હતી. વરાછા પોલીસે કિશોરભાઈની ફરિયાદ લઈ બંને જણા સામે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ વધુ ત્રણ ફ્રોડની ઘટનામાં લોકોએ ત્રણેક કરોડની રકમ ગુમાવી દીધી હતી.

# ત્રણેય ઝોન માંથી ૩.૫૫ કિલો પ્લાસ્ટિક જથ્થો જપ્ત

## ૪૭ આસામીઓ ને કરાયા દંડિત જ્યારે ગંદકી કરતા આસામીઓને ૧૩,૩૦૦નો ફટકાર્યો દંડ

રાજકોટ, તા. ૧૯



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે તારીખ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૪૭ આસામીઓ પાસેથી ૩.૫૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૩૩૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૬ આસામીઓ પાસેથી ૧.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૩૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૧.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૬૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૫ આસામીઓ પાસેથી ૦.૪૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરની હાજરીમાં કામગીરી કરવામાં આવી .

# મનપા વેપારીઓ માટે ફાળવશે ભાડાના પ્લોટ

## બંધ કવરમાં મહાનગરપાલિકા દ્વારા મંગાવામાં આવી અરજી : ૨૧ ફેબ્રુઆરી છેલ્લી તારીખ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાના જુદાં-જુદાં પ્લોટમાં રસના ચીચોડા તથા ગોલાના વ્યવસાય માટે ભાડે આપવા બંધ કવરમાં અરજી મંગાવવામાં આવી.

મળતી માહિતી મુજબ દર વર્ષે ઉનાળાની ઋતુ શરૂ થાય તે પૂર્વે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છૂટક વેપાર કરતા અને સિઝનલ ધંધો ચલાવતા વેપારીઓને પ્લોટ ભાડે આપવામાં આવતો હોય છે ત્યારે આ માટે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બંધ કવરમાં અરજીઓ મંગાવવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના જુદા જુદા મેદાન તથા પ્લોટ ને પેલી માર્ચથી લઇ ૧૫ જૂન સુધી રસના ચિચોડા તથા બોલા ના વ્યવસાય માટે ભાડે આપવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે અને તે માટે વિવિધ મેદાનોની પણ ફાળવણી કરવામાં આવી છે

જેમાં નાના મોવા સર્કલ એચપીસીએલ પંપ પાસે, અમીન માર્ગ કોર્નર જેડ બ્લ્યુ સામેના પ્લોટ માં, સાધુ વાસવાની રોડ રાજ પેલેસ સામેનો પ્લોટ, એવી જ રીતે સાધુવાસવાણી રોડ પર આવેલી શાક માર્કેટની સામેનો પ્લોટ, પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ની બાજુ નો પ્લોટ, સાથોસાથ ટીપી ૧૬ રૈયા નંદ હાઇટ્સની બાજુમાં આવેલો પ્લોટ, એવી જ રીતે ટીપી ૨૬ મવડી સુવર્ણભૂમિ કોમ્પલેક્ષ ની બાજુમાં આવેલો પ્લોટ અને રાજનગર મેઈન રોડ સામે આવેલા પ્લોટમાં સીઝનલ વેપારીઓને વેપાર કરવા માટે પ્લોટની ફાળવણી કરવામાં આવી છે.

બીજી તરફ જે પ્લોટ માં વેપારીઓ વેપાર કરવા માંગતા હોય તેઓએ બંધ કવરમાં ૨૧ ફેબ્રુઆરી સુધીમાં અરજી કરવાની રહેશે તેમ તેઓને જણાવવામાં આવ્યું છે.

મહત્વનું એ છે કે મહાનગરપાલિકા ના સત્તાધીશોનું માનવું છે કે હાલ જે રીતે લોકો એટલે કે વેપારીઓ વેપાર કરવા માંગતા હોય તો તેઓએ મોંઘા ભાડાઓ ભરવા પડતા હોય છે ત્યારે આગામી દિવસોમાં હવે રસની સિઝન જામશે ત્યારે કોઈ પણ વેપારી વેપાર કરતાં ન અટકે અને તે યોગ્ય રીતે વેપાર કરી શકે અને પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે તે હેતુસર ખૂબ સસ્તા ભાવે પ્લોટ આપવા માટેનો વિચાર કરવામાં આવેલો છે અને તેની અમલવારી છેલ્લા ઘણા દિવસોથી એટલે કે છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે.



હવસખોરી, વિકૃતિની સતત વધી રહેલી ઘટનાઓમાં વધુ ત્રણ નવા ચોંકાવનારા કિસ્સા ઉમેરાયા

# વિકૃત ઢગાનું મિત્રના નવ વર્ષના દિકરા સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય

## હવસખોર જેના ઘરે ખાતો-પીતો તેના જ દિકરાને નવા કપડા, ઇયરફોન અપાવવાની લાલચ દઈ પટમાં લઈ જઈ બળજબરી આચરીઃ બીજા બનાવમાં વિધવા કાકીની આબરૂ લૂંટવાનો ભત્રીજાએ કર્યો પ્રયાસ



### ત્રીજી ઘટનામાં ધો-૯ની છાત્રાને ગેરેજના કારીગરે ફ્રેન્ડ બનાવી અન્ડરગારમેન્ટ ગિફ્ટ આપવાના બહાને ફોટા મંગાવ્યાઃ મળવા બોલાવી કિસ કરી, પછી ફોટા વાયરલ કરવાની ધમકી આપી

રાજકોટઃ રાજ્યમાં બાળાઓ, વિદ્યાર્થીનીઓ, યુવતિઓ અને પરિણીતાઓને અલગ અલગ રીતે ફસાવી દૂષ્કર્મ, બ્લેકમેઈલીંગના કિસ્સા સતત વધી રહ્યા છે. બાળાઓ તો ઠીક હવે તો હવસખોરો બાળકોને પણ છોડતાં નથી. ક્યારેક વિધવા ઉપર પણ નજર બગાડવામાં આવે છે. ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે જેમાં એક નવ વર્ષના બાળકને નવા કપડા અને ઇયરફોન લઇ દેવાની લાલચ આપી તેના જ પિતાના મિત્રએ મેદાનમાં લઇ જઇ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી લેતાં હવસખરોને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી. બીજા કિસ્સામાં વિધવા કાકી પર ભત્રીજાએ નજર બગાડી બળજબરીનો પ્રયાસ કર્યો હતો. ત્રીજા બનાવમાં ધોરણ નવની વિદ્યાર્થીનીને ફ્રેન્ડશીપમાં ફસાવી ભોળવીને ફોટા મંગાવ્યા બાદ ગિફ્ટ આપવાના બહાને ઢગાએ બોલાવી કિસ કરી લઇ બાદમાં ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

બાળકને હવસખોરીનો શિકાર બનાવવાની ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરત શહેરના ભેસ્તાન વિસ્તારમાં બન્યો છે. હચમચાવી મૂકતી આ ઘટનામાં એક હવસખોર યુવકે પોતાના જ મિત્રના નવ વર્ષના દીકરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. મિત્રના ઘરે જમવા જનાર આ યુવકે બાળકને કપડાં અને ઈયરફોન આપવાની લાલચ આપી, મેદાનમાં લઈ જઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી લેતાં બાળક રડવા માંડ્યો હતો અને ખુબ ડરી ગયો હતો. જો કે બાદમાં તેણે હિમ્મત કરી પોતાની સાથે જે બન્યું તેની વાત પિતાને કરતાં તુરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. ભેસ્તાન પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ભીંડી બજાર, ઈસ્માઈલ નગર, ઊન પાટિયા, ભેસ્તાનમાં રહેતો મોહીદૂર જહીદુલ શેખ ભેસ્તાન વિસ્તારમાં જ રહેતા એના મિત્ર સાથે કામ કરતો હતો. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી, જેથી મોહીદૂર ઘણીવાર મિત્રના ઘરે જમવા જતો હતો. દરમિયાન સાંજના ૭થી ૭ઃ૩૦ વાગ્યા દરમિયાન મોહીદૂર તેના મિત્રના ઘરે આવ્યો હતો. તે સમયે મિત્રની પત્નિ રસોડામાં જમવાનું લેવા ગઈ.

આ દરમિયાન મોહીદૂરની નજર મિત્રના નવ વર્ષના દિકરા પર પડી હતી અને પોતાની અંદરની મેલીમુરાદને કારણે તે આ માસુમ બાળકને કપડાં અને ઈયરફોન આપવાની લાલચ આપી નજીકના મેદાનમાં લઈ ગયો અને સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્યુ આચરી લીધુ હતું. થોડીવાર બાદ બંને પાછા આવ્યા હતા. ત્યારે આ બાળક ગભરાયેલો હતો. માતા પિતાને કંઈક શંકા ઉપજતાં તેની પુછતાછ કરતાં આ બાળકે માતાને સમગ્ર હકીકત જણાવી. માતાએ તાત્કાલિક ભેસ્તાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી, જેના આધારે પોલીસે ગુનો નોંધી તેને ઝડપવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી એક ઘટના પર નજર કરીએ તો જંબુસર તાલુકાના એક ગામમાં વિધવા સાથે તેના ભત્રીજાએ અશોભનીય વર્તન કરવાનો પ્રયાસ કર્યો હતો. સુડતાલીસ વર્ષીય પીડિતા તેના પુત્ર અને વહુ સાથે રહે છે. ઘટના એ સમયની છે જ્યારે પીડિતાના પુત્ર અને વહુ કૌટુંબિક લગ્ન પ્રસંગમાં ગયા હતા. મહિલા ઘરે એકલા હતા અને અંદરના રૂમમાં ચણાની દાળ સાફ કરી રહ્યા હતા. આ દરમિયાન, તેમના ઘરની સામે રહેતો કૌટુંબિક ભત્રીજો ઘરમાં આવ્યો હતો. તેણે મહિલાને એકલા જોઈને તેમનો હાથ પકડી બળજબરી કરવાનો પ્રયાસ કર્યો હતો. તે જ સમયે પીડિતાના જેઠના પુત્રનું આગમન થતાં તે ત્યાંથી ભાગી ગયો હતો.

જેઠના પુત્રએ તરત જ પીડિતાના માતા-પિતાને જાણ કરી હતી. પરિવારજનોએ તેના ઘરે જઈને દરવાજો ખખડાવ્યો, પરંતુ તેણે દરવાજો ખોલ્યો નહીં. પીડિતાના પુત્રના આવ્યા બાદ અને તેમના હિંમત આપ્યા પછી, મહિલાએ જંબુસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી હતી.

ત્રીજી ઘટના વડોદરામાં બની હતી. અહિ ધોરણ નવમાં ભણતી વિદ્યાર્થિનીના ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકી આપી છેડતી કરનાર ગેરેજના કારીગરની સામે બાપોદ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આજવા રોડ એકતા નગર આંબેડકર નગરમાં રહેતો આકાશ જીતુભાઈ સપકાંડે ખોડિયાર નગર વિસ્તારમાં ઓટો ગેરેજ ચલાવે છે. ધો. નવની વિદ્યાર્થિનીને તેણે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. વિદ્યાર્થિનીએ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરતા બંને વચ્ચે મેસેજ શરૂ થયા હતા. આકાશે વિદ્યાર્થિનીને ચોકલેટ, અંડર ગારમેન્ટની ગિફટ આપવાના બહાને ફોટા મંગાવ્યા હતા.

લલચાઇ ગયેલી ભોળવાઇ ગયેલી વિદ્યાર્થિનીએ પોતાના ફોટા આરોપીને મોકલ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થિનીને ગિફટ લેવા માટે બોલાવી આકાશે કિસ કરી હતી. આકાશે ફોટા વાયરલ કરવાની ધમકી આપી સતત વિદ્યાર્થિનીને હેરાન કરી હતી. સ્કૂલે તથા ટ્યુશનમાં જતી વિદ્યાર્થિનીનો તે સતત પીછો કરી હેરાન કરતો હતો. છેવટે કંટાળીને આ અંગે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. સંગાડાએ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આમ હવસખોરી, વિકૃતિની ત્રણ વધુ ઘટનાએ સૌને ચોંકાવ્યા હતાં. આ પ્રકારના બનાવોનો રાજ્યમાં ચિંતાજનક રીતે વધારો થયો છે.

### સોશિયલ મિડીયા કે પછી દેખાદેખીની અસરમાં આવી કુમળા માનસના બાળકો ચડી જાય છે અવળા રસ્તે

# મોજશોખ માટે પંદર વર્ષીય છાત્રા ચડી ચોરીના રવાડે!

### બાળા આળસુ પણ બની ગઇ હતીઃ હોસ્ટેલમાં ભણતી ત્યારે બ્રશ ન કરતી, અઠવાડીએ એકવાર ન્હાતી, લઘુશંકા પણ પથારીમાં કરતી હોઇ કાઢી મુકાઇ હતીઃ ઘરે આવીને તસ્કરીના રસ્તે ચડી

રાજકોટઃ હાલના ઈન્ટરનેટ અને સોશિયલ મિડ-ીયાના યુગમાં બાળકનો માનસિક વિકાસ ઝડપથી થઇ રહ્યો છે. બાળકો વધુ સમજદાર બની રહ્યા છે તો ઘણા કિસ્સામાં દેખાદેખીમાં કે પછી બીજા આકર્ષણને કારણે પોતાના આવેગો, ઈચ્છાઓ પુરી કરવાની લ્હાયમાં સગીરો ગુનાખોરીના રસ્તે જાણતા અજાણતા ચડી જતાં હોય છે.

આવી ચોંકાવનારી ઘટનાઓ હાલમાં સતત બહાર આવી રહી છે. તાજેતરમાં રાજકોટમાં એક સગીરે બીજી સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો. અન્ય ચાર ટાબરીયા વાહનચોરીઓમાં પકડાયા હતાં. એક સગીર લૂંટ જેવા ગુનામાં અને એક સગીર હત્યાની કોશિષ જેવા ગુનામાં સામેલ થયો હતો. હવે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક પરિવારની પંદર વર્ષની દિકરી પોતાના મોજશોખ પુરા કરવા માટે ચોરીઓના રવાડે ચડી ગઇ હતી. ઘરમાંથી સીમકાર્ડ વગરનો મોબાઇલ ફોન મળતાં પરિવારજનોએ તપાસ કરતાં દિકરી ચોરીઓના રવાડે ચડી ગયાનું જાણી સૌ ખળભળી ગયા હતાં.

લાલબત્તી સમાન અને ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો પંદર વર્ષીય સગીરા મોજશોખ પૂરા કરવા પાડ-ોશીઓના ઘરમાંથી રૂ. ૨૦૦, ૫૦૦, દાગીના, ફોન જેવી વસ્તુઓની ચોરી કરવાના રવાડે ચઢી ગઈ હતી. તેણે પાડોશીના ફોનની ચોરી કરી ત્યારે તેના પિતા-નાનીને આખી ઘટનાની જાણ થઈ હતી. બંનેએ તેને સમજાવી તો ઝઘડો કરી ધમકી આપવા લાગતા કંટાળેલા પિતાએ દીકરીને સમજાવવા રડતાં રડ-તાં અભયમને ફોન કરી મદદ માગી હતી. પૂર્વ વિસ્તારમાં પોતાની નાનીના ઘરે રહેતી ૧૫ વર્ષીય સગીરા નાનીનું કહ્યું માનતી ન હતી અને પોતાની મરજી મુજબ જ કરતી હતી. રોજ સાંજે સાત વાગે મિત્રો સાથે બહાર જવાનું કહી નીકળી જતી અને મોડી રાતે સાડા અગિયાર બાર વાગે ઘરે આવતી હતી.



એક દિવસ સગીરાના પિતા નાનીના ઘરે આવ્યા ત્યારે દીકરી મોડી રાતે ઘરે આવી હતી અને તેની પાસેથી સિમ વગરનો ફોન મળ્યો હતો. જેથી સગીરાને પૂછતાં તેણે કોઈ જવાબ આપ્યો નહોતો. ત્યાર બાદ વધુ પૂછપરછ કરતા રમવાના બહાને પાડોશીના ઘરે જઈ ઘરમાંથી રોકડ તથા ફોનની ચોરી કરતી અને તેના પૈસાથી મોજશોખ પૂરા કરતી હોવાનું જણાયું હતું. તેથી પિતાએ તેને સમજાવી, પરંતુ તે કશું સમજવા તૈયાર ન હતી અને નાની-પિતા સાથે ઝઘડો કરી ધમકી આપતી હતી. આથી પિતાએ રડતાં રડતાં ફોન કરી અભયમની મદદ માગતા અભયમ ટીમે ઘટનાસ્થળે આવી સગીરાનું કાઉન્સેલિંગ કરી ચોરી ગુનો છે તેવી કાનૂની સમજ આપી હતી.

ઉપરાંત અભયમની ટીમે તેના લાંબા ગાળાના કા-ઉન્સેલિંગ માટે મનોચિકિત્સકની સારવાર લેવાની સલાહ આપી હતી. સગીરાના સારા ભવિષ્યના હેતુથી પિતાએ તેને હોસ્ટેલમાં મૂકી હતી. તેને બ્રશ કર-વું, નાહવું ગમતું ન હતું. અઠવાડિયામાં એક વાર જ નાહતી હતી.

લઘુશંકા માટે જવું ગમતું નહોતું, તેથી પોતાના બેડ પર જ લઘુશંકા કરી લેતી. આથી હોસ્ટેલના લોકોએ ફરિયાદ કરતા તેને હોસ્ટેલમાંથી કાઢી મૂકતાં તે પિતાના ઘરે પરત આવી હતી, પરંતુ પિતા સાથે ઝઘડા કર્યા કરતી હોવાથી પિતાએ સગીરાને નાનીના ઘરે રહેવા-ભણવા માટે મોકલી હતી. આવા ચોંકાવનારા બનાવો અવાર-નવાર સામે આવતાં રહે છે. વાલીઅ-ોએ સજાગ થવું જરૂરી છે.

ઉલ્લેખનિય છે કે તાજેતરમાં રાજકોટ યુનિવર્સિટી પોલીસે દસ, બાર વર્ષની વયના ચાર ટાબરીયાને ચાર સવારીમાં એક ટુવ્હીલરમાં ફરતાં જોયા ત્યારે શંકાને આધારે અટકાવી પુછતાછ કરતાં આ ચારમાંથી બે ટાબરીયાએ વાહન ફેરવવાનો શોખ પુરો કરવા આ વાહનની ચોરી કરી લીધાનું કબુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. હાલના સમયમાં બાળકો પોતાની ઈચ્છાઓ પુરી કરવા શોખ પુરા કરવા ગુનાખોરીના રસ્તે ચડી જતાં હોવાની ઘટનાઓ વધી ગઇ છે ત્યારે વાલીઓએ માતા પિતાઓએ જાગૃત થઇ જવાનો સમય છે.

### તમારા આધારાકાર્ડથી ખરીદાયેલા સીમકાર્ડથી પોણા બે કરોડની ઠગાઇ થઇ છે, આ કેસમાં મૃત્યુ દંડ, પાંચ લાખના દંડની જોગવાઇ છે કહી ડરાવ્યા અને છેતર્યા

# ડિજીટલ એરેસ્ટનો ભય બતાવી વૃધ્ધ પાસે ચોસઠ લાખ પડાવ્યા

### પોલીસે એક ગઠીયાને દબોચી લીધોઃ જેને પકડ્યો એ ગેસ સિલીન્ડરનો ડિલીવરીમેન છેઃ પચ્ચીસ હજારના ભાડેથી બે એકાઉન્ટ આપ્યા હતાંઃ સુત્રધાર કોણ? તેની તપાસ

રાજકોટઃ ડિજીટલ એરેસ્ટની વધી રહેલી ઘટનાઓ વચ્ચે એનઆરઆઇ વૃધ્ધ વેપારી સાથે ગઠીયાઓએ ચોસઠ લાખની ઠગાઇ કરી લીધી છે. ફોરેન કોલ અને ડીજીટલ એરેસ્ટનો ભય ઉભો કરી વેપારી પાસેથી કટકે કટકે આ રકમ પડાવી લેવામાં આવી હતી. અજાણ્યા વિદેશી નંબર પરથી આ વેપારીને ફોન કરી ટ્રાઇના નામે ધમકાવી તેમના આધારકાર્ડથી ખરીદયોલા સીમ કાર્ડનો મોટાફ્રોડમાં ઉપયોગ થયો છે તેમ કહી ડરાવીને તેમની પાસેથી નાણા પડાવી લેવાયા હતાં. આ કિસ્સામાં પોલીસે ત્વરીત તપાસ કરી એક ગઠીયાને દબોચી લીધો છે. બીજા એક બનાવમાં ટ્રકના સોદાના નામે ચાર લાખની ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો અમેરિકાથી પરત ફરેલા પાંસઠ વર્ષીય એનઆરઇ વેપારીને સાયબર ગઠિયાઓએ ચોસઠ લાખ રૂપિયાની મોટી ઠગાઈમાં ફસાવી લીધો હતો. આઈડી પ્રૂફનો દુરુપયોગ, નકલી વીડિયો કોલ અને ડિજિટલ એરેસ્ટનો ખોટો ભય ઉભો કરીને એક-એક કરી વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા. સુરત સાયબર સેલે આ પ્રકરણમાં રાજસ્થાનના એક આરોપીને બેંગ્લોરથી ઝડપી પાડ્યો છે. એનઆરઇ વેપારીને અજાણ્યા વિદેશી નંબર પરથી ફોન આવ્યો હતો અને કોલ કરનારાએ 'ટ્રાઈ'નો અધિકારી હોવાનો દાવો કરી જણાવ્યું હતું કે તેમના આધારકાર્ડથી જોડાયેલ સિમકાર્ડ મુંબઈના અંધેરીમાંથી ખરીદાયું છે, જે ગુનામાં વપરાયું છે.

આ પછી ભેજાબાજોએ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સીબીઆઇ ઓફિસર બનીને વીડિયો કોલ કર્યો.વેપારીને મની લોન્ડરિંગ અને ફ્રોડ કેસમાં ફસાઈ ગયા હોવાનો ભય ઊભો કર્યો અને કહ્યું કે તપાસમાં સહકાર નહીં આપો તો તમને ધરપકડ કરી જેલમાં મોકલી આપીશું. ફ્ખવધુ વિશ્વસનીયતા માટે સીબીઆઇના ગવર્નરના બોગસ લેટરો અને સુપ્રીમ કોર્ટના નકલી વોરંટ પણ મોકલવામાં આવ્યા હતાં. આ ગુનામાં મૃત્યુદંડ અને રૂ.૫ લાખના દંડની જોગવાઈ છે, એવું કહી વેપારીને પૅનિક બનાવી દીધા હતાં. ગઠિયાઓએ તમારા નામ પર છેતરપિંડીના રૂ.૧.૭૯ કરોડ બાકી છે, રૂ. ૬૪ લાખ ચુકવશો તો જ તમને એનઓસી મળશે એવું કહીને વેપારી પાસેથી ટુકડાઓમાં પૈસા પડાવી લીધા હતાં.

ત્યારબાદ વેપારીને શંકા જતા તેઓ સુરત સાયબર સેલ પહોંચી ગયા હતાં. તપાસ થતાં બેંગ્લોરથી આરોપી ઝડપાયો,




માત્ર રૂ. ૨૫,૦૦૦ માટે બેંક એકાઉન્ટ ભાડે આપતો હતો. સાયબર સેલના પોલીસ ઈન્સપેક્ટર એન.આર. પટેલ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ દ્વારા તપાસ શરૂ કરી.આ કેસમાં એક મહત્વની કડી મળતા, બેંગ્લોરમાં રહેતા પાંત્રીસ વર્ષીય મદનલાલ બિશ્નોઈને પકડી પાડવામાં આવ્યો છે. મદનલાલ મૂળ રાજસ્થાનનો છે અને બેંગ્લોરમાં ગેસ સિલિન્ડરની ડિલિવરીનું કામ કરે છે. તે માત્ર પચ્ચીસહજારના કમિશન માટે પોતાના બે બેંક એકાઉન્ટ સાયબર ગઠિયાઓને ભાડે આપતો હતો.

સાયબર ગઠિયાઓએ આ બેંક એકાઉન્ટમાં વેપારીના પૈસા ટ્રાન્સફર કર્યા હતા અને ત્યાંથી કાઢી લીધા હતાં. વિશેષ તપાસમાં મુખ્ય સુત્રધાર સુધી પહોંચવા પોલીસ પ્રયાસ કરશે. ઠગાઇના અનય એક બનાવમાં જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અને ટ્રક ચલાવતા મોહમ્મદ અઝીરુદ્દીન મોહમ્મદ યાસીન બુખારી નામના આઠત્રીસ વર્ષના ટ્રક ચાલક યુવાને પોતાની પાસેથી વેચાણના બહાને ટ્રક મેળવી લીધા પછી બારોબાર રૂપિયા ચાર લાખમાં ટ્રક વેચી નાખી તેની રકમ નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામનગરના ગરીબ નવાજ સોસાયટીમાં રહેતા આમીન હુસેનભાઇ અને તેના ભાઈ અબ્દુલ ઉર્ફે વસીમ હુસેનભાઇ નોતીયાર તેમજ જામનગરના રામભાઈ નંદાણીયા સામે સીટી એ. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીને પોતાનો ટ્રક વેચી નાખવો હતો, જેથી ઉપરોક્ત આરોપીઓનો સંપર્ક કરતાં તેઓએ ટ્રક વેચાણના બહાને મેળવી લીધા બાદ ત્રાહિત વ્યક્તિને ટ્રક વેચી નાખ્યો હતો, પરંતુ તેની ચાર લાખ રૂપિયાની રકમ સાડા ત્રણ વર્ષ જેટલો સમયગાળો વીતી ગયા છતાં આપી ન હતી, અને ધાકધમકી આપી હતી.ફરિયાદી યુવાનનો રૂપિયા ૭૦,૦૦૦ની કિંમતનું મોટરસાયકલ પણ તેઓ આંચકી ગયા હતા. જે ટ્રક પર લોન બોલતી હતી અને ફરિયાદી યુવાન પર બેન્કનું દેણું વધી જતાં આખરે ૪ લાખ ૭૫ હજારમાં બેંક સાથે સમાધાન કરીને પોતાના નામે બાકી બોલતી લોન ચૂકવી આપી હતી. પરંતુ બાઈક કે જેની ૭૦,૦૦૦ જેટલી રકમ બેંકમાં લોન પેટે ચૂકવવાની બાકી હતી, અને તે પૈસા હવે ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી આખરે મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે આ પ્રકરણનો ત્રીજો આરોપી રામભાઈ નંદાણીયા કે જે અન્ય એક ટ્રકના કૌભાંડમાં છેલ્લા છ માસથી જેલવાસ ભોગી રહ્યો છે. પોલીસ દ્વારા તેનો જેલમાંથી કબજો મેળવવા માટેની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ ટ્રકના સોદાના નામે ચાર લાખની ઠગાઇ થઇ ગઇ હતી.

# સૌ. યુનિની સહકારી મંડળી અધ્યાપકો માટે આશિર્વાદરૂપ

### યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યાપકો માટે બનાવવામાં આવેલી આ મંડળીમાં હાલ લોનની મર્યાદા ૩૦ લાખથી વધારી ૬૦ લાખ કરાય : રિકવરી રેટ ૧૦૦ ટકા

### નાનો પરિવાર સુરક્ષિત પરિવારની ભાવના સાથે મંડળી ભરી રહી છે વિકાસની હરણફાળ

રાજકોટ, તા. ૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ૨૭ ફેબ્રુઆરીના રોજ ગુજરા-તી ભવન ખાતે યોજાશે. આ અંગે મંડળીના તમામ હોદ્દેદારોએ રાજકોટ મિરરની મુલાકાત લીધી હતી અને પોતાની ચાલતી મંડળી અંગે માહિતી આપી હતી. ઉપસ્થિત રહેલા પ્રમુખ પ્રોફેસર જયદીપસિંહ ડોડીયા,

ઉપ-પ્રમુખ ડોક્ટર જયંત ભાલોડીયા, મંત્રી પ્રોફેસર વી. જે કનેરિયાએ જણાવ્યું હતું કે મંડળીની સૌથી મહત્વની કામગીરી અને સફળતાનું કારણ એ જ છે કે હાલ જે ધિરાણ આપવામાં આવે છે તેની ૧૦૦% રિકવરી છે હાલ ૭૮ જેટલા સભાસદો આ મંડળી સાથે જોડાયેલા છે અને તે તમામ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યાપકો છે જેઓને ૩૦ લાખ રૂપિયા સુધીની લોન મળતી હોય છે ત્યારે વધુ એક મંડળી માટે સારા સમાચાર એ છે કે હવે આ લોનની રકમ વધારી ૬૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. આઠ વર્ષના સમયગાળા દરમિયાન જે તે આધ્યાપકે આ લોનની ભરપાઈ કરવાની હોય છે. મહત્વનું એ છે કે આ મંડળી દ્વારા આકસ્મિક ઘટના ઘટે અને આજેપકનું મૃત્યુનીપજે તેવા કિસ્સામાં પાંચ લાખ સુધીનું વીમા કવચ પણ આપવામાં આવે છે.

બીજી મહત્વની વાત એ છે કે મંડળી પાસે બે કરોડથી વધુનું શેર ભંડોળ પણ છે એટલું જ નહીં નિવૃત્ત આધ્યાપકોનું પણ મંડળી દ્વારા સન્માન કરવામાં આવે છે ને વાર્ષિક સાધારણ સભા પણ યોજાય છે. સભામાં સ્વ વિઠ્ઠલભાઈ રાદડિયા, દિલીપભાઈ સંઘાણી, તથા નીતિનભાઈ વસા જેવા સહકારી ક્ષેત્રના અગ્રણીઓ બેઠકમાં હાજર રહેલા છે. વધુમાં ઉપસ્થિત હોદેદારોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારનું જે લક્ષ્યાંક છે કે સહકારથી સમૃદ્ધિ તે વિચારને પણ મંડળી ચરિતાર્થ કરવા માટે દરેક સંભવત પ્રયત્નો કરી રહી છે. એટલું જ નહીં વર્ષે જે નફો થાય છે તે નફાને પણ સભાસદોમાં જ તેની વહેંચણી કરવામાં આવે છે.

વધુમાં એ વાતની સ્પષ્ટતા કરતા હોદ્દેદારોએ જણાવ્યું હતું









કે મંડળી દ્વારા ત્રણ મુખ્ય કામ કરવામાં આવતા હોય છે જેમાં લોન આપવી વીમા કવચ પૂરું પાડ-વું અને દર વર્ષે જે નફાની ફાળવણી થાય તે ૧૨% ડિવિડન્ડના રૂપમાં અધ્યાપકોને ચૂકવાઇ છે. ૧૯૭૯ માં શરૂ થયેલી આ મંડળી હાલ સફળતાના અનેક શિખરો સર કરી રહી છે. ઉપસ્થિત પ્રમુખ પ્રોફેસર જયદીપસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, દરેક મંડળીમાં ક્યાંક ને ક્યાંક રાજકારણ જોવા મળે છે પરંતુ આ એકમાત્ર મંડળી જાધ્યા પકો માટે બનાવવામાં આવી છે તેમાં રાજકારણ સહેજ પણ છે નહીં ત્યારે મંડળી માટે હાલ સૌથી મોટું ચેલેન્જ એ છે કે અહીં દરેક સભાસદો આધ્યાપક હોવાથી મત મતાંતર થતા હોય પરંતુ લક્ષ્ય એ જ છે કે વધુને વધુ લોકો આ મંડળીમાં જોડાઈ જેથી તેઓના જરૂરિયાતના સમયે મંડળી તેમની પડખે ઊભી રહે અને તેઓને કોઈપણ પ્રકારની આર્થિક મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

ઉપસ્થિત હોદ્દેદારોએ જણાવ્યું હતું કે હાલ રજીસ્ટર દ્વારા ૬૦ લાખની લોનની મર્યાદા કરી દીધી છે જે ખરા અર્થમાં અધ્યાપકો માટે અત્યંત આશીર્વાદરૂપ નીકળશે. બીજી બધી મંડળીઅ-ોમાં વ્યાજ અને લોન આપવાની રકમમાં ઘણો ઘણો તફાવત જોવા મળતો હોય છે પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જે અધ્યાપકો માટે ચાલતી મંડળી જે છે તેમાં માત્ર એક ટકાનો જ તફાવત રાખવા-માં આવ્યો છે જેથી જે નફો થાય તે અધ્યાપકોના વિકાસ માટે ઉપયોગમાં લઈ શકાય. વધુમાં પ્રોફેસર ડોડીઆઇ જણાવ્યું હતું કે હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૯૦% અધ્યાપકો આ મંડળીના સભ્ય છે. એટલું જ નહીં પ્રતિમા ત્રણ હજાર જેટલી માર્ગ પર રકમ દરેક અધ્યાપકો પાસેથી વસૂલવામાં આવે છે અને તેનું ફંડ પણ ઊભું કરાય છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાનમાં મંડળી સભ્યોને મહત્તમ રૂા.૩૦,૦૦,૦૦૦/- ની મર્યાદામાં ૭ ટકાનાં કરે ધીરાણ આપે છે. જે સમગ્ર ગુજરાતભરની કર્મચારી ધીરાણ મંડળીઓમાં સૌથી વધુ ધિરાણની રકમ છે. મંડળીના વિકાસ અને સફળતા તથા સુચારૂ સંચાલનમાં તમામ સભાસદ મિત્રો તથા વ્યવસ્થાપક સમિતિના તમામ સદસ્યોનો અવિરત સહકાર પ્રમુખ, ઉપ-પ્રમુખ, અને માનદ્ મંત્રીને સમગ્ર વર્ષ દરમ્યાન મળતો રહ્યો છે.

મંડળી પોતાનાં જ ભંડોળમાંથી અને જરૂરિયાત ઉપસ્થિત થયે સભ્યો પાસેથી ડિપોઝીટ સ્વીકારીને ઉપસ્થિત કરેલા ભંડોળમાંથી જ સંપૂર્ણ વહીવટ કરે છે. ઉપરાંત મંડળીએ ૧૪૨ લાખની સરપ્લસ ભંડોળ પૈકીની રકમ બેંકમાં ફિકસ ડીપોઝીટ કરેલ છે. જે મંડળીની સંપૂર્ણ આર્થિક સદ્ધરતાનો માપદંડ રજુ કરે છે. મંડળીની વ્યવસ્થાપક કમિટી માટે આ બાબત ગર્વની વાત છે.

સહકારી કાયદાની જોગવાઈ અનુસાર ડિવિડન્ડની મહત્તમ મર્યાદા મુજબ આપણી મંડળીની વ્ય-વસ્થાપક કમિટીએ ગયા વર્ષની ૧૩% ની સરખામણીમાં ૧૨% ડિવિડન્ડની તથા ફરજીયાત બચત ઉપર ૭% વ્યાજ આપવાનું નક્કી કર્યું હતું. ત્યારે આગામી ૨૭ ફેબ્રુઆરીના રોજ જે ખાસ સાધારણ સભા બોલાવવામાં આવી છે તેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહેશે અને મંડળીને વધુ વેગવંતી અને અસરકારક કઈ રીતે બનાવી શકાય તે માટે માર્ગદર્શન પણ પૂરું પાડશે આ ટકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડોક્ટર ઉત્પલ જોશી પણ હાજર રહેશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

## રામબાણ ઈલાજ કરો

### પાયલ જ નહીં, સમગ્ર આરોગ્ય ક્ષેત્ર શંકાના ઘેરામાં




સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં આરોગ્ય સેવા વિકસી છે એ શહેરનું ગૌરવ ગણાય તેવી છે. આરોગ્યનું હબ બનીને રાજકોટ ઉભર્યુ છે. કોઈપણ ક્ષેત્રના વિકાસની આડ અસરો પણ થતી હોય છે. રાજકોટમાં આરોગ્ય ક્ષેત્રે વિકાસ કરતા આડ અસરો વધી ગઈ હોય તેમ નથી લાગતું ?

આ ક્ષેત્રે નિરંતર-ગંભીર વિવાદો અને કૌભાંડો ઉભરી રહ્યા છે. આ બાબત દર્શાવે છે કે, તબિયત ક્ષેત્રે સારવાર કરનારા ને બદલે કલા કરનારા વધી ગયા છે.

હાલ પાયલ હોસ્પિટલ નો વિવાદ માત્ર રાજકોટમાં જ નહીં, રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બન્યો છે. આ હોસ્પિટલમાંથી મહિલા દર્દીઓના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. આ સમસ્યા અતી ગંભીર છે.

ટેકનિકલ નિષ્ણાતો કહે છે કે, સીસીટીવી ફૂટેજ લિક કરવા આસાન નથી. હોસ્પિટલના મેનેજમેન્ટમાં જ કોઈ ભેદી હોઈ શકે છે. મળેલા સમાચાર પ્રમાણે ફૂટેજ વેચનારા મહારાષ્ટ્ર થી ઝડપાયા છે. સાયબર ગુન્હા વિરોધી તંત્ર સક્રિય બન્યું છે.

સાયબર ક્રાઈમની ઘટનાઓ વધી રહી છે. ચર્ચાસ્પદ બનેલા કેસોમાં તપાસ પણ ઘણી વખત શંકાસ્પદ બની જતી હોય છે. મુખ્ય ગુન્હાખોરોને તપાસ સ્પર્શતી નથી, સાઈડ કલાકારોને ઝડપી લેવાય છે. પાયલ હોસ્પિટલ પ્રકરણ સામાન્ય નથી. નિર્ણાયક ઈલાજ જરૂરી છે. ગુન્હાખોરી બાદ મોટાભાગના કેસોમાં મોટા માથા સક્રિય બની જતા હોય છે. આ સક્રિયતાથી કેસને અનુકૂળ ટન મળી જાય છે.

શંકાસ્પદ હિલચાલોથી સમાજમાં અવિશ્વાસનો માહોલ સર્જાય છે. ગુન્હાખોરી વધી રહ્યાનું આ પણ કારણ હોઈ શકે છે. આરોગ્ય ક્ષેત્રે વી આપી ગયેલી અપરાધ વૃત્તિ દર્દી માટે ચારિત્ર્ય હનનથી માંડીને જીવલેણ બનવા સુધીની ક્રૂર અસરો કરી રહી છે. આ સામે આક્રમકતા અને નિર્ણાયાત્મકતા અનિવાર્ય છે.

તાજેતરમાં સરકારી યોજના અંતર્ગત થતી સારવારમાં જીવલેણ મહાકાય કૌભાંડ ઉજાગર થયું હતું. આ કાંડ પણ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બન્યો હતો. હજુ એ કેસનો નથી આવ્યો ત્યાં પાયલ નો ઝંકાર થયો. આ ઘટનાઓ ઉજાગર થયેલી છે. ઉજાગર ન થયેલા કાંડો કેટલા હશે?

ગુન્હાખોરી ક્ષેત્રે રહેલી છટકબારીઓ ગુન્હાખોરીને પ્રોત્સાહન આપી રહી છે, વિવિધ ઘટનાઓમાં મોટા માથા મોટી ભૂમિકા ભજવીને પડદા પાછળ ભેદી ખેલ નાખતા હોય તેવી શંકા સમાજમાં બળવતર બની રહી છે.

આ કારણે અવિશ્વાસનો માહોલ બની ગયો છે. પાયલ હોસ્પિટલ મામલે રામબાણ ઈલાજ કરીને સમગ્ર ઘટનાનો પર્દાફાસ થવો જોઈએ. મોટા માથા ભેદી ભૂમિકામાં હોય તો તેને પણ ઉઘાડા પાડીને પ્રકરણના પૂરેપૂરો ઈલાજ કરવો જરૂરી છે.

# કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને ક્લિનચિટ

## લોકાયુક્તનુ માનવું સિદ્ધારમૈયા, તેમની પત્ની અને અન્યો સામે નથી પૂરતા પુરાવા



નવીદિલ્હી, તા. ૧૯

મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી સાથે જોડાયેલા કથિત જમીન કૌભાંડમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, તેમની પત્ની અને અન્યોને મોટી રાહત મળી છે. કર્ણાટક લોકાયુક્તે સિદ્ધારમૈયા અને તેમની પત્નીને ક્લીનચીટ આપી છે. આ કેસમાં માત્ર સિદ્ધારમૈયા જ નહીં પરંતુ તેમની પત્ની પાર્વતી, તેમના ભાઈ મલ્લિકાર્જુન અને અન્યો સામે પણ ઋૈંઇ નોંધવામાં આવી હતી. કર્ણાટક લોકાયુક્ત પોલીસનું કહેવું છે કે આરોપી ૧ થી ૪ (કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા, તેમની પત્ની અને અન્ય) સામે પુરાવાનો અભાવ છે. આરોપીઓ સામે કોઈ પુરાવા મળ્યા નથી. આ ઉપરાંત ફરિયાદી સ્નેહમયી ક્રિષ્નાને પણ નોટિસ ફટકારવામાં આવી છે. કર્ણાટકના રાજ્યપાલે સિદ્ધારમૈયા વિરુદ્ધ કેસ ચલાવવાની મંજૂરી આપી હતી. આ અંગે મુખ્યમંત્રી હાઈકોર્ટ પહોંચ્યા હતા, જ્યાંથી તેમને આંચકો લાગ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે અરજીમાં ઉલ્લેખિત બાબતોની તપાસ કરવી જરૂરી છે.

લોકાયુક્ત પોલીસે જણાવ્યું હતું કે ૨૦૧૬ થી ૨૦૨૪ દરમિયાન મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ૫૦:૫૦ ના ગુણોત્તરમાં વળતરરૂપ પ્લોટ પ્રદાન કરવાના આરોપોની વધુ તપાસ કરવામાં આવશે અને કલમ ૧૭૩ (૮) ઈડ્ઢ઼ઈ હેઠળ હાઈકોર્ટમાં વધારાનો અંતિમ રિપોર્ટ સબમિટ કરવામાં આવશે. કાર્યકર્તા ટીજે અબ્રાહમ, પ્રદીપ અને સ્નેહમિયા કૃષ્ણાએ મૈસુર શહેરી વિકાસ પ્રાધિકરણના કથિત જમીન કૌભાંડમાં રાજ્યપાલ સમક્ષ સીએમ સિદ્ધારમૈયા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. વિજયનગર લેઆઉટમાં જમીન સંપાદન કરવા માટે મુખ્યમંત્રીએ પોતાના પદનો દુરુપયોગ કર્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. આરોપ હતો કે મુખ્યમંત્રી અને તેમના પત્નીએ ગેરકાયદેસર રીતે મુડાની જમીન લીધી હતી.

મુડા શહેરી વિકાસ દરમિયાન જમીન ગુમાવનારા લોકો માટે એક યોજના લાવી હતી. ૫૦:૫૦ નામની આ યોજનામાં, જમીન ગુમાવનારા લોકો વિકસિત જમીનના ૫૦% હકદાર હતા. આ યોજના પ્રથમ વખત ૨૦૦૯માં લાગુ કરવામાં આવી હતી. જે તત્કાલીન ભાજપ સરકારે ૨૦૨૦માં બંધ કરી દીધી હતી. સરકાર દ્વારા આ યોજના બંધ કર્યા પછી પણ, મુડાએ ૫૦:૫૦ યોજના હેઠળ જમીન સંપાદન અને ફાળવવાનું ચાલુ રાખ્યું. સમગ્ર વિવાદ આનાથી જોડાયેલો છે. આરોપ છે કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્ની પાર્વતીને આ અંતર્ગત લાભ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીની પત્નીની ત્રણ એકર અને ૧૬ ગુંટા જમીન મુડા પાસેથી હસ્તગત કરવામાં આવી હતી. બદલામાં, અપસ્કેલ વિસ્તારમાં ૧૪ સાઈટ્સ ફાળવવામાં આવી હતી. મૈસુરની બહારની આ જમીન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્ની પાર્વતીને તેમના ભાઈ મલ્લિકાર્જુન સ્વામીએ ૨૦૧૦માં ભેટમાં આપી હતી. એવો આરોપ છે કે મુડાએ આ જમીન સંપાદિત કર્યા વિના દેવનુર ત્રીજા તબક્કાની યોજના વિકસાવી હતી.

# સૈન્યમાં રાજનીતિ ન ઘુસાડો : ઉપેન્દ્ર દ્વિવેદી

## આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ રાહુલ ગાંધીને કરી ટકોર




નવીદિલ્હી, તા. ૧૯

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને સલાહ આપી છે. તેમણે બુધવારે કહ્યું કે સેનાને રાજનીતિમાં ન ખેંચવી જોઈએ. જો આમ થશે તો તે ચિંતાનો વિષય બનશે. ચીન સાથે વાતચીતના માર્ગ પર આગળ વધ્યા છીએ. તેમણે કહ્યું કે અમે ચીન સાથે સરહદ વિવાદને લઈને વાતચીતને પ્રોત્સાહન આપ્યું છે. જો આપણે એકબીજા સાથે વાત કરીશું તો ઘણી શંકાઓ દૂર થશે. અમારો અભિપ્રાય એવો રહ્યો છે કે શંકાઓને જરૂરી કોઈપણ રીતે દૂર કરવી જોઈએ. આ માટે અમે કોર્પ્સ કમાન્ડરોને શક્ય હોય ત્યાં નિર્ણય લેવાની સત્તા આપી છે. જો કોઈ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલી શકાય છે તો તે કરવું જોઈએ. તેમને સત્તા આપવામાં આવી છે કે જો કોઈ મામલો તેમના સ્તરે ઉકેલી શકાય તો તેઓ તે કરે. તેના માટે કોઈપણ પ્રકારની મંજૂરીની રાહ જોવાની જરૂર નથી.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પણ રાહુલ ગાંધીના નિવેદન પર વાત કરી હતી જેમાં તેમણે કહ્યું હતું કે સેના પ્રમુખે કહ્યું હતું કે લદ્દાખ સેક્ટરમાં ઘૂસણખોરી થઈ રહી છે. આના પર તેમણે કહ્યું કે સેનાને રાજનીતિમાં ન ખેંચવી જોઈએ. તે જ સમયે, તેણે ફરી એકવાર દેવી કાલી જેવી મહિલાઓને સેનામાં સામેલ કરવાની તેમની ટિપ્પણી વિશે વાત કરી. જનરલ દ્વિવેદીએ કહ્યું કે મારી લાગણી આ હતી, જે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વિશે કહેવામાં આવી હતી - અમે બુંદેલા હરબોલ્સના મોઢેથી વાર્તા સાંભળી, તે ખૂબ લડ્યા અને બહાદુર હતા, તે ઝાંસીની રાણી હતી. તમને જણાવી દઈએ કે તેઓ સેનામાં મહિલાઓને સામેલ કરવાના સમર્થક રહ્યા છે. આ દરમિયાન આર્મી ચીફે હથિયારોના વેચાણ અંગે પણ વાત કરી હતી.

તેમણે કહ્યું કે આજે આપણા દેશમાંથી વિદેશોમાં હથિયારો મોકલવામાં આવી રહ્યા છે. તેનું કારણ એ છે કે હવે હથિયાર બનાવતી કંપનીઓને સરળતાથી લાઈસન્સ અને છૂટ મળી રહી છે. તેમણે કહ્યું કે ભારત લાંબા સમયથી કહી રહ્યું છે કે અમે વાતચીત ઈચ્છીએ છીએ. પરંતુ જ્યારે જરૂર પડશે ત્યારે અમે યુદ્ધમાંથી પણ પાછળ નહીં હટીએ. આ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો કોઈ સેનામાં શહીદ થાય છે તો તમે લોકો પરિવારને કેવી રીતે જણાવો છો. તેણે કહ્યું કે અમારા માટે આ ખૂબ જ પીડાદાયક અનુભવ છે. પરંતુ અમે એક પરિવારની જેમ કામ કરીએ છીએ. સેનામાં એન્જિનિયર, આર્ટી, ઈન્ફન્ટ્રી સહિત દરેક વ્યક્તિ એક પરિવાર સમાન છે. આજે પણ આપણે કોઈ પણ કાર્યક્રમનું આયોજન કરીએ તો શહીદોની વિધવાઓ મોટી સંખ્યામાં આવે છે. આ દર્શાવે છે કે અમે એક પરિવારની જેમ કામ કરીએ છીએ.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ રાહુલના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી હતી. સિંહે કહ્યું હતું કે રાહુલે આર્મી ચીફના નિવેદનને લઈને ખોટા આરોપો લગાવ્યા છે. રક્ષા મંત્રીએ કહ્યું હતું કે રાહુલ ગાંધીએ આર્મી ચીફને જે શબ્દો કહ્યા છે તે ક્યારેય તેમણે કહ્યા નથી. સિંહે કહ્યું હતું કે 'આ ખૂબ જ અફસોસની વાત છે કે રાહુલ ગાંધી રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર બેજવાબદારીભરી રાજનીતિ કરી રહ્યા છે.

# સરહદ મુદ્દાને ઉકેલવા ભારત-ચીન G20માં કરી શકે છે દ્વિપક્ષીય ચર્ચા

## વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર સૈનિકો પાછા ખેંચવા અને ડેપસાંગ મેદાનો અને ડેમચોકમાં પેટ્રોલિંગ ફરી શરૂ કરવા મુદ્દે ગરમાયુ રાજકારણ





નવીદિલ્હી, તા. ૧૯

વિદેશ પ્રધાન એસ જયશંકર અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યી જોહાનિસબર્ગમાં ય્-૨૦ વિદેશ પ્રધાનોની બેઠકમાં હાજરી આપવા માટે તૈયાર છે, જે ભારત-ચીન સરહદ મુદ્દાને ઉકેલવા માટે સંભવિત દ્વિપક્ષીય ચર્ચાની આશાઓ ઉભી કરે છે. વાસ્તવિક નિયંત્રણ રેખા (ન્છઝ્ર) પર સૈનિકો પાછા ખેંચવા અને ડેપસાંગ મેદાનો અને ડેમચોકમાં પેટ્રોલિંગ ફરી શરૂ કરવામાં તાજેતરની પ્રગતિને જોતાં, આ બેઠકને બંને દેશો વચ્ચેના સંબંધોને સ્થિર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું તરીકે જોવામાં આવી રહી છે.

ઑક્ટોબર ૨૦૨૪માં દેપસાંગ મેદાનો અને ડેમચોકમાં સૈનિકો પાછા ખેંચવા અંગેના કરારથી, બંને દેશો સંરચિત શાંતિ પ્રક્રિયાને અમલમાં મૂકવા માટે નિયમિત ઉચ્ચ-સ્તરીય વાટાઘાટોમાં વ્યસ્ત છે. ધ્યાન હવે ડી-એસ્કેલેશન તરફ વળ્યું છે, જે સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં લશ્કરી હાજરીમાં ઘટાડો તરફ દોરી શકે છે. ડિસેમ્બરમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની બેઈજિંગની મુલાકાત અને જાન્યુઆરીમાં વિદેશ સચિવ વિક્રમ મિસ્રી સહિત તાજેતરના મહિનાઓમાં રાજદ્વારી સંબંધોએ સંબંધો સુધારવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે.

ડિસેમ્બર ૨૦૨૪માં બેઈજિંગમાં સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ્સ (જીઇ) ની બેઠક એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ, જેમાં બંને પક્ષોએ સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિનું અસરકારક રીતે સંચાલન કરવાના તેમના ઈરાદાની પુનઃ પુષ્ટિ કરી. આ પછી જાન્યુઆરીમાં વિદેશ સચિવ મિસરીની મુલાકાત હતી, જેમાં લોકો-થી-લોકોના આદાન-પ્રદાન ફરી શરૂ કરવા, કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા અને આર્થિક સહયોગમાં સુધારો કરવા અંગે મહત્વપૂર્ણ સમજૂતીઓ થઈ હતી. જેમ જેમ ય્૨૦ સમિટ આગળ વધે છે તેમ, સૂત્રો સૂચવે છે કે ભારત અને ચીન સરહદ સ્થિરતા પર વ્યાપક સર્વસંમતિ હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે તેમની વાતચીતને આગળ વધારવા માટે પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે છે. આ બેઠક ૨૦૨૫ માં બંને દેશો માટે ન્છઝ્ર સાથે શાંતિ અગ્રતા રહે તેની ખાતરી કરીને, સતત રાજદ્વારી પ્રગતિ માટે મંચ નક્કી કરી શકે છે.આ અંગે જો યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે તો બંને દેશો વચ્ચેના જે દ્વીપક્ષીય સંબંધો છે તેને માઠી અસર પહોંચી શકે છે ત્યારે હાલ આગામી દિવસોમાં યોજાનારી ય્૨૦ બેઠકમાં બંને દેશોના વિદેશ મંત્રી આ મુદ્દે ચર્ચા કરશે અને બંને દેશોએ આ મુદ્દે સહમતી પણ સાધી છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### નીરખ નેં ગગનમાં કોણ ઘુમી રહ્યો! એ પદ થકી જગદીશ્વરની અકળ લીલાનો પાર પામીએ



મિત્રો- શુભ સવાર

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જીવનમાં જાગૃતિ અને જાગરણનું મહત્વ સમજાવનાર નાગર નરસૈયા વિશે આપણે પ્રાર્થનાનાં ક્રમમાં ચિંતન કરી રહ્યા છીએ, પણ ચિંતનમાં રજા રહેવાની હોવાથી માનસ શહીદની કથા પૂરી, અને પછી નાનીમા ની જવાબદારી ને કારણે વળી રજા રહી. પણ નરસિંહ જાગૃતિનાં કવિ છે એમણે જાગૃતિ બરકરાર રાખી, એમની રચનાઓ એ આપણા જેવા આમ જીવ માટે પણ અધ્યાત્મ સરળ બનાવ્યું છે! અથવા તો એમ કહો કે નાની નાની બાબતોમાં જો જાગૃતિ આવી જાય તો યોગ કે અધ્યાત્મનાં પ્રયોગો કરવાની જરૂર પડતી નથી! જગત જગદીશ્વરની અકળ દેખાતી લીલાનો પાર રમતવાતમાં મળી જાય છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે, કે આજે પણ એ રચના ઓ જીવને જગાડી શકે છે. કહેવાતા નાગરો માટે પણ ખરેખર વિચાર માંગી લે તેવું નાગર તત્વ, વિશ્વમાં ભક્ત અને ભગવાનનો અતૂટ સંબંધ ઉજાગર કરવા જ જાણે ધરતી પર આવ્યું હશે. ગઈ રચનામાં આપણે જીવનને સકારાત્મક તરફ લઈ જવું હોય, તો એ વિશેનું ચિંતન કર્યું, એટલે કે હું પણું છોડીએ તો જ હકાર તરફ ગતિ થાય, અને હકાર તરફ ગતિ કરવા માટે પરમ કૃપાળુ પરમાત્માનું અસ્તિત્વના કણ કણમાં દર્શન કરવું બહુ જ જરૂરી બને છે. તો આજે આપણે પ્રકૃતિ સાથે સંવાદાત્મક ભૂમિકા કરતા નરસૈયાનું એક પદ જોઈએ.

નરસિંહ મહેતા

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો
તે જ હું તે જ હું શબ્દ બોલે
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ
અહીંયા કો નથી કૃષ્ણ તોલે.

આકાશ તરફ દ્રષ્ટિ કરી અને કવિ કહે છે, કે અંતર ચિત્તથી તું નીરખી અને જો તો તને પણ દેખાશે, કે કોઈ સતત આમાં વસી રહ્યું છે,કે ઘૂમી રહ્યું છે, અને તે જ હું તે જ હું છું એમ સતત બોલી મારું ધ્યાન આકર્ષી રહ્યું છે.કોઈ તો એવું પરમ તત્વ છે, જે સતત મને રક્ષી પણ રહ્યું છે. તત્વતઃ તેના કારણે જ હું જીવંત છું, અને જ્યારે પણ મૃત્યુ આવે ત્યારે તેના ચરણે જ આવે એવી મનવાંછિત ઈચ્છા પણ છે. કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ ને કારણે પોતાના મૃત્યુની ઘડી તેના ચરણોમાં આવે એવું ઈચ્છે છે અને કૃષ્ણની તોલે કોઈ જ આવી ન શકે એવું કહે છે. સંસારની તમામ ઉપલબ્ધિઓ એક બાજુ અને એક બાજુ કૃષ્ણ ઉભા રહે, તો કૃષ્ણનું પલ્લું જ મારી માટે હંમેશા મહત્વનું છે.

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી,
અનંત ઓચ્છવમાં પંથ ભૂલી,
જડ ને ચૈતન્ય રસ કરી જાણવો,
પકડી પ્રેમે સજીવન મૂડી.

પ્રકૃતિના એક એક કણમાં તું છુપાયો છે, અને તેથી જ તો પ્રકૃતિ આટલી અત્યંત શોભાયમાન છે. છતાં જીવની બુદ્ધિ ત્યાં સુધી જતી નથી, અને તેથી તને કળી શકાતું નથી. દુનિયાના વ્યહેવારોના તહેવારોમાં જીવ આ બધું જોવાનું ચૂકી જાય છે. એટલે કે પ્રકૃતિને માણવાનું ભૂલીને, અન્ય ગતિવિધિઓમાં રચ્યોપચ્યો રહે છે. તેથી જ તે તારી તરફ આ પ્રકૃતિ પણ લઈ જઈ શકે,એ ભૂલી જાય છે. જડ અને ચૈતન્ય બંનેમાં તું તત્વતઃ બિરાજમાન છો, છતાં અમારી દ્રષ્ટિની કમજોરીને કારણે તે જોઈ શકાતું નથી.પ્રેમ એ જ એક એવી સજીવન કરનારી મૂડી છે, એટલે કે જીવને સાચું જીવાડનાર કોઈ તત્ત્વ હોય તો તે પરમ પ્રેમ છે. તે જ્યારે પકડમાં આવે, અથવા તો તે સમજાય તો, જડ અને ચૈતન્ય માંથી પણ રસ વહેતો તેને દેખાય.

ઝળહળ જ્યોત ઉદ્યાન રવિકોટમાં
હેમની કોર જ્યાં નીસરે તોલે
સચ્ચિદાનંદ આનંદ-ક્રીડા કરે
સોનાના પારણા માંહી ઝૂલે.

પ્રકૃતિમાં આ ઝળહળતો સૂર્ય એ શું છે? દુનિયાના બગીચામાં તેના જેવી ઉત્તમ જ્યોત બીજી એક પણ નથી, સોના નાં મોલ પણ જ્યાં ઓછા થાય, તેવો આ સૂર્યનો સોનેરી પ્રકાશ છે. જો એ સમજાઈ જાય,, અથવા તો એ રીતે નજરે ચડે, તો સચ્ચિદાનંદ આનંદ ને ક્રીડા કરતો ક્ષણે ક્ષણે અનુભવી શકાય, કે જે સૂર્ય પ્રકાશ રુપે પથરાઈ રહ્યો છે, અને બિલકુલ ઘોડિયામાં સૂતેલા બાળક પર પડે તો એ પારણું સોનાનું દિસે, અથવા તો ઈશ્વરત્વ સમજાઈ જાય તો ક્ષણેક્ષણ સોનું પ્રાપ્ત થયું હોય તેમ સુખમાં કે આનંદમાં વિતી જાય.

બત્તી વિણ, તેલ વિણ, સૂર્ય વિણ જો વળી
અચળ ઝળકે સદા અનળ દીવો
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો
વણજિહ્વાએ રસ સરસ પીવો.

સામાન્ય રીતે દીપક પ્રગટાવવો હોય તો વાટ અને તેલ બંને જોઈએ, પરંતુ આ સૂર્ય નામનો દિપક તો વાટ અને તેલ વગર રોજ સતત પ્રકાશી રહ્યો છે, જેને આંખ વગર મહેસૂસ કરી એ અથવાતો અનુભવીએ, અને પ્રત્યક્ષ અપ્રત્યક્ષ બંને રીતે તેના કર્મ સમજીએ, તો આ સત્યનું રહસ્ય પકડાય છે, અને જીભ વગર પી શકાય એવો ઉત્તમ રસ આપે છે.પરમ કૃપાળુ પરમાત્મા ના જીવન પ્રત્યેના અનન્ય પ્રેમને પરિણામે આ પ્રકૃતિ તત્વ આપણને સતત મદદ કરી રહી છે એ સમજાતા જ પરમતત્ત્વ પ્રત્યે પ્રેમ થાય છે, અને તેથી એ પ્રેમ રસનું પાન વગર જીહ્વા એ પણ જીવને આનંદિત કરે છે.

અકળ અવિનાશી એ, નવ જાયે કળ્યો
અરધ-ઊરધની માંહે મહાલે
નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો
પ્રેમના તંતમાં સંત ઝાલે.

સકલ વિશ્વના કણકણમાં વ્યાપ્ત એવો એ પરમ કૃપાળુ પરમાત્મા અથવા તો હરિ અકળ છે, અવિનાશી છે, તેને સમજવો ઘણો જ અઘરો છે. વાતો તો આપણે ઘણી મોટી મોટી કરીએ, અને એ વિશેનું ચિંતન પણ કરીએ. પરંતુ તેને અનુભવવો એ એટલો સરળ નથી. અહીં-તહીં બધી જગ્યાએ જ્યાં તે વસી રહ્યો છે, તેવું સતત જ્ઞાન હોવા છતાં, પણ નરસૈયાનો સ્વામી પ્રેમ નામના પરમ પ્રદાર્થ વગર અનુભવો અશક્ય છે. અને એ પરમ પ્રેમને કોઈ સંત દ્વારા સમજીએ, તો જ કણકણમાં વ્યાપ્ત હરિ સમજાય છે, અને તે અનુભવાય પણ છે.

નરસિંહ તો નરસિંહ છે, તેની ભક્તિની તોલે કોણ આવી શકે?, અને આ રચના જ્યારે પણ રચાઈ હશે, ત્યારે તેની કક્ષા અથવા તો ભાવ શું રહ્યાં, તે આપણે કદાચ કલ્પના પણ શકીએ નહીં! આપણે તો ફક્ત એ રચનાનો બને તેટલો નિષ્પક્ષ ભાવાર્થ કરી, રચનાનો આસ્વાદ લઈ શકીએ, અને છતાં પણ આપણને અત્યારે પૂર્ણતઃ આનંદ આપી રહી છે. બસ બીજું કંઇ ન કરી શકીએ, તો તેણે અથવા તો આ રચનામાં બતાવ્યું, એ નજરથી પ્રકૃતિને નિહાળવાનું શરુ કરીએ, તો ધીરે-ધીરે ક્યારેક નરસૈંનો સ્વામી આપણી સમજમાં પણ આવશે, અને થોડો થોડો પરમ પ્રેમરસ આપણે પણ ચાખી શકીશું. પરંતુ એની માટે થઈને પ્રાકૃતિક તત્વોને પ્રેમ કરતા શીખવું પડશે, તેની મુક વાણીને સમજવી પડશે, અને સૌ પ્રત્યે સંવેદના વહાવવી પડશે, અને જીવનને એક નવા આયામ પર લઈ જઇ, નવી રીતે જીવવાનું શરૂ કરવું પડશે. કે જ્યાં ફક્ત હું અને મારું નહીં, પણ આપણું એવો ભાવ રાખી અને જોવું પડશે. સમાજમાં શિક્ષણનું સ્તર જેમ ઊંચું થતું જાય છે, અને જાણકારીની રીતે બૌદ્ધિકતા પણ વધતી જાય છે. પરંતુ જે અન્યના અસ્તિત્વને સ્વીકારી પ્રેમ કરવા દે નહીં, અને વધુને વધુ પોતાની જાતની સુખ-સગવડમાં રચ્યો પચ્યો રહે, એવું જીવન અંતે ભાર ઉત્પન્ન કરનાર જ છે. એ સત્ય જ્યારે સમજાય ત્યારે જ પ્રકૃતિને માણી શકાય. તો નરસૈયાની નજરથી પ્રકૃતિનું મુલ્યાંકન કરીને સૌ એ પરમ પ્રેમ તત્વને અનુભવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. ( ભાવનગર)

### રૂરલ એલસીબીએ રાજકોટના બૂટલેગરનો લાખોનો દારૂ કેરાળા ગામેથી પકડ્યો એ પછી થઇ કાર્યવાહી

# ભારે થઇ: ભાયાવદરના પોલીસ ઇન્સ્પેકટર સહિત ૪ થયા સસ્પેન્ડ

## રેન્જ આઇજી અને રૂરલ એસપીના આકરા પગલાથી રૂરલ પોલીસબેડામાં ચકચાર: રાજકોટના ધવલ સાવલીયાનો ચૌદ લાખથી વધુનો દારૂ પકડાયો હતો

રાજકોટ: પોલીસબેડામાં ફરજ બજાવતાં અધિકારીઓ, કર્મચારીઓ સામે ઘણીવાર ઉચ્ચ કક્ષાએથી તેમની બેદરકારી બદલ આકરા પગલા લેવામાં આવતાં હોય છે. આ વખતે ઉપલેટાના ભાયાવદરના પોલીસ ઇન્સ્પેક્ટર અને ત્રણ પોલીસ કર્મચારીઓ સામે આકરા પગલાની તલવાર વીંઝાતા આ ચારેય સસ્પેન્ડ થઇ જતાં રૂરલ પોલીસ બેડામાં સોંપો પડી ગયો છે અને ચકચાર મચી ગઇ છે. ભાયાવદર પંથકના ગામમાંથી તાજેતરમાં રાજકોટના બુટલેગરનો લાખોનો દારૂ રૂરલ એલસીબીએ પકડી લીધો હતો. આ પછી રેન્જ આઇજી અને રૂરલ એસપીએ આકરા પગલા લઇ ચારેયને સસ્પેન્ડ કરી દીધા હતાં.




વિગતો પર નજર કરીએ તો સસ્પેન્ડ ભાયાવદરના કેરાળા ગામે મકાનમાં ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી રાજકોટના કુખ્યાત બુટલેગર ધવલ સાવલીયાનો રૂ.૧૪.૩૫ લાખનો દારૂ ઝડપી લીધો હતો. જેમાં સ્થાનિક પોલીસની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેના કારણે રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ અને રૂરલ એસપી હિમકરસિંહે આકરા પગલા લઇ ભાયાવદર પીઆઇ ડી.બી.મજીઠીયાને અને ડી-સ્ટાફના એએસઆઇ, હેડ કોન્સ્ટેબલ તથા કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કરતાં રૂરલ પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો હતો. વધુ માહિતી અનુસાર ગ્રામ્ય એલસીબી પીઆઇ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા ટીમે ગત બારમી તારીખે ભાયાવદર પાસેના જુના કેરાળા ગામે એક ઘર દરોડો પાડીને રૂ.૧૨,૧૨,૩00 ની કિંમતનો ૩૭૦૦ બોટલ દારૂ અને રૂ. ૨.૨૩ લાખના ૨૨૩૦ બીયરના ટીન સહિત કુલ રૂ.૧૪,૩૫,૩00ની કિંમતનો દારૂ-બીયરનો જથ્થો ઝડપી લીધો હતો.

આ ઉપરાંત દરોડાના સ્થળેથી તેમજ પીકઅપ વાહન નં. જીજે ૧૨બીટી ૩૮૮૩ અને બાઇક નં. જીજે 0૩એલપી ૩૯૬૨, બે મોબાઇલ ફોન અને રાઉટર સહિત કુલ રૂ.૧૭,૮૭,૩00નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની તપાસમાં અહીં મકાનમાં દારૂ-બીયરનો જથ્થો ઉતારી તેનું વેચાણ કરનારમાં રાજકોટના કુખ્યાત બુટગેલગર ધવલ સાવલીયા અને હાર્દિક અશોકભાઇ જોગરાજીયાનું નામ ખુલ્યું હતું. પોલીસની તપાસમાં કુખ્યાત બુટલેગર અહીં મકાન ભાડે રાખી છેલ્લા દોઢ માસથી દારૂનો વેપલો કરતો હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન દારૂના આ દરોડામાં સ્થાનિક પોલીસની ગંભીર બેદરકારી સામે આવતા પ્રથમ રાજકોટ પોલીસ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહએ આ મામલે કડક કાર્યવાહીના ભાગરૂપે ભાયાવદર પોલીસ મથકના ડી સ્ટાફના એએસઆઇ મેહુલ વજશીભાઇ સુવા, હેડ કોન્સ. લાલજી ધીરૂભાઇ તલસાણીયા અને કોન્સ. મેરૂ રાજાભાઇ મકવાણાને સસ્પેન્ડ કરી દીધા હતાં. બીજી તરફ આ મામલાની રેન્જ આઇજી અશોક કુમાર યાદવે પણ ગંભીર નોંધ લઇ દારૂના આ વેપલાને અટકાવવામાં બેદરકારી દાખવનાર ભાયાવદર પોલીસ મથકના પીઆઇ ડી. બી. મજીઠીયા સામે આકરી કાર્યવાહીના ભાગરૂપે તેને સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો છે. એસ.પી અને રેન્જ આઇ.જીની આ કડક કાર્યવાહીથી રાજકોટ જિલ્લા પોલીસ બેડામાં ચકચાર મચી ગઇ છે. ઉલ્લેખનીય છે કે એલસીબીએ જે દિવસે કેરાળા ગામે દરોડો પાડ્યો એ દિવસે જ ધવલનો બીજો ૨૮ લાખનો દારૂ ભરેલો ટ્રક સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પકડી લીધો હતો. આમ એક પોલીસ ઇન્સ્પેક્ટર સહિત ચારની સામે સસ્પેન્સનના પગલા લેવાતા રૂરલ પોલીસબેડામાં અને રાજ્યભરમાં ચકચાર જાગી છે.

# ગાંડીવેલની-મચ્છરનો ઉપદ્રવ દૂર કરો : મ્યુ. કમિશ્નર

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આજી નદીની લીધી મુલાકાત : ડ્રોન દ્વારા દવા છાંટવા આરોગ્ય વિભાગને કરી તાકીદ

રાજકોટ, તા. ૧૯

છેલ્લા ઘણા સમયથી આજી નદીના કાંઠે અને બેડીયાર્ડ પાછળ જે ગાંડીવેલનો ઉપદ્રવ વધ્યો છે તેના કારણે આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોને મચ્છરના ઉપદ્રવ નો ત્રાસ સહન કરવો પડે છે આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી જેને લઇ અને મામલાને ગંભીરતાપૂર્વક સમજી ખુદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર સ્થિતિનું અવલોકન કર્યું હતું. સ્થિતિ ગંભીર જણાતા તેઓએ તાકીદે આરોગ્ય વિભાગને ફોગિંગ કરવા માટેની સૂચના પણ આપી હતી.





રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આજી નદીમાં તથા નદી કાંઠાના વિસ્તારમાં કયુલેક્ષ મચ્છઆરોનો ઉપદ્રવ રહે છે. કયુલેક્ષ મચ્છતર મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ ફેલાવતા નથી પરંતુ કયુલેક્ષ મચ્છરની ઘનતા વધવાને કારણે નદીકાંઠાના વિસ્તાસરમાં ન્યુસિન્સપ મચ્છવર તરીકે ઓળખાતા આ મચ્છષરના ઉપદ્રવની ફરિયાદ વધુ રહે છે. મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ મચ્છર ન્યુસન્સ અને મચ્છરની ઉત્પતિ અટકાવવા આરોગ્ય શાખા મારફત ફોગિંગની કામગીરી કરાવી છે.

સાથોસાથ આજી નદીની રૂબરૂ મુલાકાત દરમિયાન કમિશનરે મચ્છર તથા મચ્છરના પોરાના નાશ માટે આજી નદીમાં ડ્રોન દ્વારા દવા છંટકાવ કરવા જરૂરી સૂચના પણ આપી હતી.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા રેલનગર માધાપર પાસે આવેલા બેડી ચોકડીવાળા મોરબી હાઇવેના પુલ પાસેના વિસ્તારમાં મુલાકાત કરવામાં આવેલ. જેમાં નાયબ કમિશનર મહેશ જાની, નાયબ કમિશનર હર્ષદ પટેલ, આરોગ્ય અધિકારી, પર્યાવરણ ઇજનેર, બાયોલોજીસ્ટ, નાયબ પર્યાવરણ ઈજનેર તથા અન્ય સ્ટાફ પણ જોડાયેલ. અહી એ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે, જીલ્લા પંચાયત આરોગ્ય શાખાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાયર ફાઇટરની ફાળવણી કરેલ જેમાં જીલ્લા પંચાયત દ્વારા ફાયર ફાઇટર દ્વારા બેડી ગામ માર્કેટિંગ યાર્ડ પાછળ નદીમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. જ્યારે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તાર રેલનગર પાછળ પોપટપરાના નાલા પાસે પણ ફાયર ફાઇટર દ્વારા આજી નદીમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. હાલમાં રાજકોટ શહેરમાં ત્રણેય ઝોનમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા ફોગીં ગ કરાવવા કમિશનરશ્રીએ આરોગ્ય શાખાને આપેલી સૂચના અનુસાર હાલમાં આ કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પુખ્ત મચ્છર તથા મચ્છરના પોરાના નાશ માટે ડ્રોન દ્વારા નદીમાં દવા છંટકાવ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પણ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સ્થળ મુલાકાત દરમ્યાન નદીમાં આવતા ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન બંધ કરાવવા સંબંધિત વિભાગને સૂચના આપવામાં આવેલ છે .

### અતિ ગતિથી આવેલી મોટરકાર ઠોકરે લઇ ભાગી ગઇ: સીસીટીવી ફૂટેજ મેળવવા પોલીસની કવાયત

# 'કાર' બની 'કાળ': હિટ એન્ડ રનમાં દંપતિનો લેવાયો ભોગ


## જસદણના ગોખલાણા પાસે રસ્તો ઓળંગી રહેલા પ્રૌઢ વયના પતિનું ઘટના સ્થળે, પત્નિનું રાજકોટમાં સારવાર દરમિયાન મૃત્યુથી સાપરા પરિવાર પર વજ્રઘાત


રાજકોટ: સૌરાષ્ટ્રભરમાં રોજબરોજ વાહન અકસ્માતના બનાવો બનતા રહે છે. જેમાં અનેક લોકો ગંભીર અને નાની મોટી ઈજા પામે છે તો અનેક કિસ્સામાં લોકોના મૃત્યુ પણ નીપજે છે.

બેફામ વાહનચાલકો ઘણીવાર લોકોને, વાહનચાલકોને ઠોકરે ચડાવી હિટ એન્ડ રનની ઘટનામાં લોકોના મોત પણ નીપજાવે છે. આવો જ એક બનાવ જસદણના ગોખલાણા નજીક બન્યો છે. જેમાં બેકાબુ કારનો ચાલક રસ્તો ઓળંગી રહેલા પ્રૌઢ વયના પતિ-પત્નિને એકસાથે ઉલાળીને ભાગી ગયો હતો. આ ગોઝારા અકસ્માતમાં પતિનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું અને પત્નિને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવતાં તેમણે દમ તોડી દેતાં પરિવારજનો પર વજ્રઘાત થયો હતો.

હિટ એન્ડ રનની આ ઘટનામાં જસદણના પ્રૌઢ અને તેમના પત્નિ જસણદ નજીક ગોખલાણા પાસે આવેલા ફાર્મ હાઉસમાં ચોકીદારીની નોકરી કરતાં હોઇ રાત્રે ફાર્મ હાઉસ નજીક રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે અજાણ્યો કારચાલક ઠોકરે લઇ ભાગી જતાં પતિનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે પત્નિને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં.









અહિ તેમનું પણ મૃતયુ થયું હતું. વધુ માહિતી જોઇએ તો જસદણ રહેતાં અઠાવન વર્ષના જુગાભાઇ પોપટભાઇ સાપરા અને તેમના પત્નિ પંચાવન વર્ષના શામુબેન જુગાભાઇ સાપરા રાતે સાડા આઠેક વાગ્યે જસદણ નજીકના ગોખલાણા-ગઢડીયા ચોકડી વચ્ચે ગાયત્રી મારબલ નજીક માનસી ફાર્મહાઉસ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે અજાણી કારના ચાલકે બંનેને ઉલાળી દીધા હતાં અને ભાગી ગયો હતો.

આ અકસ્માતમાં ગંભીર ઇજા થતાં જુગાભાઇ સાપરાનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે તેમના પત્નિ શામુબેન સાપરાને જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમનું પણ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જસદણ પોલીસને કરી હતી. બનાવની માહિતી મળતાં જસદણ પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. વધુ વિગતો જોઇએ તો કાર જેમના માટે કાળ બની ગઇ તે મૃત્યુ પામનાર જુગાભાઇ સાપરા ચાર ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. કેટલાક સમયથી જુગાભાઇ અને તેમના પત્નિ શામુબેન ગોખલાણા પાસે માનસી ફાર્મમાં નોકરી કરતાં હતાં અને ત્યાં જ રહેતાં હતાં. રાત્રે ફાર્મ હાઉસ નજીક કોઇ કામ માટે નીકળ્યા ત્યારે બંને પતિ-પત્નિ રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે એક કાર પૂરપાટ ઝડપે આવી હતી અને બંનેને ઠોકરે ચડાવી દીધા હતાં.

આ અકસ્માત બાદ ચાલક કાર લઇ ભાગી ગયો હતો. પોલીસે ઘટના સ્થળ આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવા તપાસ શરૂ કરી છે.

પરિવારના માતા-પિતા બંને એક સાથે પરલોક સિધાવતાં સાપરા પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. ગામમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી. બેફામ સ્પીડથી વાહન હંકારતા ચાલકો અનેક વખત આ રીતે કોઇના પરિવારને વેરણછેરણ કરી દેતાં હોય છે. જેમાં આ વધુ એક બનાવ ઉમેરાઇ ગયો છે.

### લુખ્ખાગીરી, ગુંડાગીરીની બનતી ઘટનાઓમાં વધુ એક કિસ્સો આવ્યો સામેઃ પરિણીતાની નજર સામે જ તેના પતિની ફિલ્મી ઢબે ધોલાઇ

# યુવાનને ટોળકીએ ફટકાર્યો, ઢસડ્યોઃ મામાના ઘરમાં મચાવ્યો આતંક

### આંબેડકરનગરની ઘટનાઃ યુવાન પત્નિ સાથે ચાલીને નીકળ્યો ત્યારે ત્રણ શખ્સો ગાળો બોલતાં હોઇ મહિલાની હાજરીમાં અપશબ્દો બોલવાની ના પાડતાં બીજા ચારને બોલાવી છરી, પાઇપથી તૂટી પડ્યાઃ માલવીયાનગર પોલીસે સાત જણાની શોધખોળ આરંભી

રાજકોટઃ શહેરમાં લુખ્ખાગીરી, ગુંડાગીરીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. પોલીસ આકરા પગલા લઇ અમુક તમુકને જેલભેગા કરે ત્યાં નવી ટોળકીઓ ખેલ કરીને ઉભી રહી જાય છે. વધુ એક કિસ્સામાં કેટલાક શખ્સોએ ટોળકી રચી ધમાલ મચાવી યુવાન પર હુમલો કરી ઢસડીને બેફામ માર મારી તેના મામાના ઘરમાં તોડફોડ મચાવી હતી. આ યુવાન પત્નિ સાથે નીકળ્યો ત્યારે ત્રણ શખ્સો ગાળો બોલતાં હોઇ તેને આ રીતે મહિલાની હાજરીમાં ગાળો ન બોલવા સમજાવતાં આ ત્રણેયએ બીજા ચારને બોલાવીને ખેલ કર્યો હતો. ઘાયલ થયેલા યુવાનને સારવાર માટે દાખલ કરવો પડ્યો હતો.





ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતો યુવાન રાતે તેના પત્નિ સાથે નજીકમાં રહેતાં મામાના ઘરેથી બેસીને પોતાના ઘરે જતો હતો ત્યારે રસ્તામાં ત્રણ શખ્સો ગાળો બોલતાં હોઇ ના પાડતાં તેણે છરીથી હુમલો કરી પ્લાસ્ટીકના પાઇપથી માર મારી ફોન કરી બીજા ચાર જણાને બોલાવી બાદમાં ગાળો દઇ ઢસડીને બેફામ માર મારતાં તેમજ આ યુવાનના મામા બચાવવા દોડી આવતાં તેના ઘરમાં ચાર જણાએ ઘુસી જઇ તોડફોડ કરી આતંક મચાવતાં પોલીસે રાયોટીંગ સહિતની કલમો હેઠળ કાર્યવાહી કરી હતી. માલવીયાનગર પોલીસે આ બનાવમાં ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૧૨માં રહેતાં અને જાહેરાતના હોર્ડીંગ લગાવવાની મજૂરી કરતાં ત્રેવીસ વર્ષના યુવાન દેવલ લગધીરભાઇ મકવાણાની ફરિયાદ પરથી આ વિસ્તારના જ હિરેન પરમાર, બીપીન ઉર્ફ અભી સોલંકી, કૈલાસ ઉર્ફ ગુગો પરમાર, ગટુ મકવાણા, અરૂણ બારોટ, વિનુ બારોટ અને બાબુ રાઠોડ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તમામને શોધી કાઢવા તપાસ આરંભી છે. હુમલામાં ઇજા થતાં હોસ્પિટલમાં દાખલ થયેલા દેવલ મકવાણાએ જણાવ્યું હતું કે હું મંગળવારે રાતે સાડા આઠેક વાગ્યે મારા પત્નિ પાયલ સાથે મારા મામા રણજીતભાઇ જેઓ અમારી આગળની શેરીમાં રહે છે તેના ઘરે બેસવા ગયો હતો. ત્યાંથી અમે પરત અમારી ઘરે આવતાં હતાં ત્યારે આંબેડકરનગર શેરી નં. ૫ અને ૧૨ની વચ્ચે પહોંચતા હિરેન પરમાર, બિપીન, કૈલાસ ઉભા હોઇ અમને જોઇને આ ત્રણેય ગાળો બોલવા માંડતા મેં તેને ગાળો નહિ બોલવા સમજાવતાં તેને સારુ લાગ્યું નહોતું.

ત્યારપછી કૈલાસ ઉર્ફ ગુગાએ છરી કાઢી મને મારવા હુમલો કરતાં મેં હાથ આડો રાખી દેતાં ડાબા હાથની હથેળીમાં ઇજા થઇ હતી. બાદમાં હિરેને બાજુની કેબીનમાંથી પ્લાસ્ટકીનો પાઇપ લઇ મને આડેધડ માર માર્યો હતો. તેમજ બીપીન અઉર્ફ અભી આવી જતાં તેણે પણ ઢીકાપાટુ માર્યા હતાં. મેં રાડારાડી કરતાં આ ત્રણમાંથી કોઇએ તેના મિત્રને ફોન કરી દેતાં તેના મિત્રો ગટુ, અરૂણ, વિનુ, બાબુ પણ આવી ગયા હતાં. એ પછી મને વધુ ગાળો દઇ મને શેરીમાં ઢસડીને બેફામ માર માર્યો હતો. મેં રાડારાડી કરતાં મારા મામા રણજીતભાઇ નજીકમાં જ રહેતાં હોઇ તે દોડી આવ્યા હતાં અને મને છોડાવ્યો હતો.

આ દરમિયાન આ શખ્સો મારા મામાના ઘરમાં પણ ઘુસી ગયા હતાં અને તેમનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને તોડફોડ કરી હતી. કોઇએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડાયો હતો. હિરેન, બિપીન, કૈલાસને મેં ગાળો બોલવાની ના પાડતાં ટોળકી રચી હુમલો કર્યો હતો. તેમ વધુમાં દેવલે જણાવતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર જીજ્ઞેશ આર. દેસાઇના માર્ગદશનમાં હેડકોન્સ. એ. વી. ચાવડાએ ફરિયાદ દાખલ કરાવતાં આરોપીઓને શોધી કાઢવા ટીમો કામે લાગી હતી. આ રીતે શહેરમાં અનેક વખત લુખ્ખાગીરી, માથકુટના બનાવો બનતાં રહે છે. વધુ એક વખત આવો બનાવ સામે આવ્યો હતો. જેમાં યુવાનને તેના પત્નિની નજર સામે જ ફિલ્મી ઢબે ધોકાવી, ઢસડીને બેફામ મારકુટ કરવામાં આવી હતી. આ ઘટનાથી તેણી ભયભીત બની ગઇ હતી.

## પેંડા ગેંગના સાગરીત પર ફાયરિંગના બનાવમાં વધુ ત્રણ શખ્શોની ધરપકડ

### દિનેશ, અક્રમ ઉર્ફે અપ્પુ, ઇમ્તિયાઝ ઉર્ફે ઇમતુને પોલીસે દબોચ્યા

રાજકોટ મિરર તા. ૧૯

શહેરમાં ગોંડલ રોડ પર પુનિતનગરમાં પેંડાના સાગરીત પર ફાયરિંગ કરવાના ગુનામાં જંગલેશ્વરની ત્રિપુટી બાદ વધુ ત્રણ શખ્સની ધરપકડ કરી. ફાયરિંગ વેળાએ કારમાં સાથે રહેલા ત્રણેય શખ્સની તાલુકા પોલીસે પૂછતાછ માટે રિમાન્ડની માંગ સાથે તેમજ અગાઉ પકડાયેલા ત્રણેય આરોપીઓના રિમાન્ડ પૂરા થતા છ આરોપીઓને કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી હતી જેમાં છએય આરોપીઓને જેલહવાલે કરવાનો હુકમ થતા આરોપીઓને જેલહવાલે કર્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ પુનિતનગર પાસેની કર્મચારી સોસાયટીમાં રહેતો અને પેંડાનો સાગરીત પરેશ રાજુભાઇ બળદા (ઉ.૨૪) શનિવારે વહેલી સવારે તેના ઘર પાસે બેઠો હતો ત્યારે કારમાં આવેલા જંગલેશ્વરનો સમીર ઉર્ફે મુર્ગો, સોહિલ ઉર્ફે ભાણો, નવાજ ઉર્ફે શાહનવાજ સહિત ફાયરિંગ કરી નાસી છૂટ્યા હતા. બનાવને પગલે ગંભીર ઈજા થતા પરેશને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.બનાવને પગલે તાલુકા પોલીસે ગુનો નોંધી સમીર ઉર્ફે મુર્ગો, સોહિલ અને નવાજની ધરપકડ કરી તેની પાસેથી કાર, પિસ્તોલ અને બે જીવતા કારતૂસ સહિતની મતા કબજે કરી તેની પૂછતાછ માટે રિમાન્ડની માંગ સાથે કોર્ટ દ્વારા રિમાન્ડ મેળવી કાર્યવાહી કરી હતી.પોલીસની પૂછતાછમાં તેની સાથે ફાયરિંગ વેળાએ પકડાયેલી ત્રિપટી સાથે વધુ ત્રણ શખ્સની સંડોવણી બહાર આવી હતી. જે બનાવમાં તાલુકા પોલીસ મથકના પીઆઇ હરિપરા સહિતના સ્ટાફે વધુ ત્રણ આરોપી જંગલેશ્વરમાં રહેતો દિનેશ હકાભાઇ ટીંબડિયા (ઉ.વ.૨૮), ઘાંચીવાડમાં રહેતો અક્રમ ઉર્ફે અપ્પુ ઇસુબભાઇ નાયાણી (ઉ.વ.૨૩) અને કોઠારિયા રોડ પર વિનોદનગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો ઈમ્તિયાઝ ઉર્ફે ઈમતુ અલ્તાફભાઇ પરમાર (ઉ.વ.૨૫)ની ધરપકડ કરી તેની પૂછતાછ કરી હતી તેમજ અગાઉ પકડાયેલા આરોપી સમીર ઉર્ફે મુર્ગો સહિતનાના રિમાન્ડ પૂરા થતા છએય આરોપીઓને કોર્ટ હવાલે કર્યા હતા જેમાં તમામ આરોપીઓને કોર્ટે જેલહવાલે કરવાનો હુકમ કરતા બધા આરોપીઓને જેલહવાલે કરવામાં આવ્યા છે.

## મંજૂરી મેળવ્યા વિના બાંધકામ કરનાર બિલ્ડરને ગોંડલ કોર્ટ તરફથી લપડાક

### ગોંડલમાં કડિયા લાઇન રોડ ઉપર આવેલ બાંધકામની પરવાનગી વગર ખડકી દેવાયેલ મીઠાણી ચેમ્બર્સને જમીનદોસ્ત કરી નાખવાનો કોર્ટ દ્વારા હુકમ



(તસવીર-જીતેન્દ્ર આચાર્ય)

રાજકોટ મિરર તા.૧૯

ગોંડલ ની કડીયાલાઈન માં મેઇનરોડ પર આવેલા મીઠાણી ચેમ્બર્સ નાં કોમર્શિયલ કોમ્પ્લેક્સ ગેરકાયદેસર હોય તોડી પાડવા કોર્ટ દ્વારા હુકમ કરાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ કડિયા લાઈન રોડ ઉપર અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા દ્વારા નગરપાલિકા પાસેથી બાંધકામની કોઈપણ જાતની પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ જે મીઠાણી ચેમ્બર્સ તરીકે ઓળખાય છે તે મંજૂરી વિનાના બાંધકામ વિરુદ્ધ અતુલ જયપ્રકાશ ઉદેશી દ્વારા નામદાર ગોંડલ કોર્ટમાં અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા ઉપરાંત ગોંડલ નગર સેવા સદન ને પ્રતિવાદીઓ બનાવી દાવો કરાયેલ હતો. જે કામે પ્રતિવાદી નં.૧,૨ ના એ પોતાના જવાબમાં બાંધકામની મંજૂરી ન મેળવેલ હોવાની કબુલાત આપી હોવાથી વાદીના એડવોકેટ હરિન એન. પુઆર દ્વારા દીવાની કાર્યરીતિ સંહિતાની જોગવાઇ અનુસાર પ્રતિવાદીની કબુલાત ઉપરથી દાવાનો અંતિમ નિર્ણય આપવા કોર્ટને કરાયેલ અરજી તથા તે અરજી મંજૂર કરવા તેમના દ્વારા થયેલ તર્કસંગત લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લઈ જજ આર્યા રામકુમાર દ્વારા વાદીનો દાવો તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ અંશતઃ મંજૂર કરતો આખરી હુકમ કરી ગોંડલ નગર સેવાસદને આવું ગેરકાયદેસર બાંધકામ કરનારા અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા ને દિવસ-૩૦ ની નોટિસ પાઠવી મીઠાણી ચેમ્બર્સ તરીકે ઓળખાતા બાંધકામને તોડી પાડવા તથા તે તોડી પાડવાનો ખર્ચ બાંધકામ કરનારા પાસેથી વસૂલ કરવાનો અંતિમ હુકમ ફરમાવેલ છે. આ કામે અતુલ જયપ્રકાશ ઉદેશીના એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી હરિન એન. પુઆર રોકાયેલા હતા.

### પોલીસ ફરજકાળના પોતાના અનુભવોને બે પુસ્તકોમાં રજુ કર્યા છે

## નિવૃત ડીવાયએસપી એસ. બી. ગોહિલે લેખક તરીકે રાજકોટને વધુ એક ગૌરવ અપાવ્યું

### તેમના બે પુસ્કતોને ગુજરાત સાહિત્ય અકાદમીમાં પ્રથમ પુરષ્કાર માટે પસંદ કરાયા



રાજકોટઃ શહેરમાં વસવાટ કરતાં નિવૃત ડીવાયએસપીશ્રી એસ. બી. ગોહિલે પોતાના નિવૃતિ સમયમાં પોલીસ ફોર્સમાં ફરજ દરમિયાનના પોતાના અનુભવોને 'એક પોલીસ અમલદારના અનુભવો ભાગ-૧/૨'ને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કર્યા હતાં. આ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'આત્મકથા, રેખાચિત્ર, સત્યકથા, જીવન ચરિત્ર' વિભાગમાં શ્રેષ્ઠ પુસ્તક રૂપે પ્રથમ ક્રમ આપી પહેલા નંબરનો એવોર્ડ એનાતય કરી રૂા. ૧૧૦૦૦નો પુરષ્કાર આપી નવાજાયા છે. આ કારણે તેમને સતત શુભેચ્છાઓ મળી રહી છે. એક પોલીસ અધિકારી નિવૃતી કાળ પછી કઇ રીતે પ્રવૃત રહી શકે? પોતાની અંદરની આવડતનો કઇ રીતે ઉપયોગ કરી સમાજને પણ ઉપયોગી નિવડી શકે તેની પ્રતીતિ શ્રી ગોહિલ નિવૃત કાળમાં એક લેખક તરીકે સફળતા મેળવીને કરાવી રહ્યા છે.

એસ. બી. ગોહિલ લિખીત બે આ પુસ્તકોમાં પોલીસદળની રોજેરોજની પ્રવૃતિમાં થતાં અનુભવો જેવા કે રાજકીય, સામાજીક, ખાતાકીય, અંધારીઆલમ અને જાહેર આંદોલનો, તોફાનો, કોમી દંગાઓ તથા તે દરમિયાનની ટ્રેજેડી અને થ્રીલરના તેમજ અનેક રસમય છતાં વાસ્તવીક અનુભવોને આબેહુબ જીવંતરૂપે નિખાર્યા છે. આ પુસ્તકનું આમુખ સીબીઆઇ નવી દિલ્હીના જોઇન્ટ ડિરેક્ટર એ. કે. શર્મા (આઇપીએસ) તથા સૌરાષ્ટ્રના નામાંકિત આઇપીએસ સ્વ. આર. ડી. ઝાલા તેમજ ગુજરાત સાહિત્ય વિભાગના બીપીન આશર અને સાંસદ રામભાઇ મોકરીયા દ્વારા લખાયું છે. એસ. બી. ગોહિલે વધુ એક વખત રાજકોટના લેખક તરીકે ગૌરવ વધારતાં તેમને સતત શુભચીંતકો, અધિકારીઓ, કર્મચારીઓ, બહોળા મિત્ર વર્તુળો અને સાહિત્યકલાના ચાહકો તરફથી અપરંપાર અભિનંદન મળી રહ્યા છે.

## શહેરની સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસે હેલ્મેટ ડ્રાઇવમાં ૨૫,૦૦૦નો દંડ વસૂલ્યો

રાજકોટ મિરર તા.૧૯

ગુજરાત રાજ્યમાં હેલ્મેટ નિયમો નો અમલ રાજ્યના તમામ સરકારી અધિકારી અને કર્મચારીઓ કરે તે માટે ગુજરાત રાજ્યના તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસનો ડિપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલી હતી. જે બાબતે રાજકોટ શહેર ખાતે તા. ૧૯/૨/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ કામગીરીમાં કુલ રૂપિયા ૨૫,૦૦૦ નો દંડ વસૂલ કરેલ છે. જેમાં છ્છ્રઘ કચેરીમાં ૩ કેસ સાથે રૂ.૧૫૦૦,છ્બઈ ઓફિસ અને ડ્સ્ટ્રઈક ઓફિસમાં ૨ કેસ સાથે રૂ.૧૦૦૦, ડ્સ્ટ્રઈક ઓફિસ રાજનગર મેઈન રોડમાં ૧૦ કેસ સાથે રૂ. ૫૦૦૦, મામલતદાર ઓફિસ કાલાવડ રોડ માં ૯ કેસ સાથે રૂ.૪૫૦૦, પોલીસ હેડ ક્વાર્ટર ગેઈટમાં ૧૨ કેસ સાથે રૂ.૬૦૦૦, કમિશનર કચેરી ગેઈટમાં ૧૪ કેસ સાથે ૭૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

## ગોંડલના કંટોલીયા ગામે ૨૪ ઘરોમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાશે

રાજકોટ મિરર તા.૧૯

ગોંડલ તાલુકાના કંટોલીયા ગામે આજ રોજ ૨૪ ઘરોમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. ગાયત્રી પરીવાર ગોંડલના માધ્યમથી શાંતિકુંજ હરીદ્વારના આદેશ મુજબ ગુરૂદેવ શ્રીરામ શર્મા આચાર્યજીની તપ સાધનાની શતાબ્દી, માતા ભગવતી દેવીના જન્મ શતાબ્દી તેમજ અખંડ જયોતના પ્રાગટયને સો વર્ષ પૂર્ણ થતા મહાન ઉદેશ જેવા કે વ્યસન મુકિતનો સંદેશ ગામે ગામે, વૃક્ષારોપણ દ્વારા વાયુ મંડળની શુધ્ધિકરણ નારી જાગરણ, માનવમાં દેવત્વની સ્થાપના, ધરતી પર સ્વર્ગ અવતરણ તેમજ વિશ્વ કલ્યાણ, સર્વ ધર્મ સમભાવ જેવા ઉદેશ સાથે સવારે ૮થી ૧૨ કંટોલીયા ગામે ૨૪ ઘરોમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આ આયોજન રાખેલ છે.તો ગામ સમસ્તને લાભ લેવા જણાવાયું છે.

## જામનગરથી ચોરી કરેલા તાંબા-પિત્તળના વાસણો સાથે બે શખ્સોને પકડી પડતી માલવિયાનગર પોલીસ

### હેડ. કોન્સ. અજયભાઈ વિક્રમા, કોન્સ. ભાવેશભાઈ ગઢવી અને મયુરદાનભાઈ બાટીએ બાતમીના આધારે બે સગા ભાઈઓ ને દબોચ્યા

રાજકોટ મિરર તા.૧૯

શહેરમાં નાના મવા મેઈન રોડ લક્ષ્મીનગરના નાલા પાસેથી જામનગરમાં ચોરેલા પિતળ વાસણોનો સામાન લઈ જતા બે શખ્સોને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પી.આઇ. જે. આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ. આઇ એસ.એ.સિંધી તેમજ સર્વેલન્સ સ્કોડના હેડ.કોન્સ. અજયભાઈ વિક્રમા, કોન્સ. ભાવેશભાઈ ગઢવી અને મયુરદાન બાટીએ સંયુક્ત રીતે બાતમી મળી હતી કે સફેદ કલરની મો.સા જેના રજી. નંબર જીજે ૧૦ ટીએક્સ ૦૩૧૮ વાળીમાં શંકાસ્પદ ચોરી કરેલા પિત્તળના વાસણોનો માલ સામાન વેચવા માટે બે શખ્શો નાનામવા મેઈન રોડ લક્ષ્મીનગરના નાલા થી લક્ષ્મીનગર તરફ જતા રોડ પર ઉભેલા છે આવી બાતમી મળતા પોલીસે બાતમી વાળી જગ્યાએ જઈ બે શખ્સો મો.સા માં તાંબા-પીતળના વાસણો સાથે પકડી પાડી પૂછપરછ કરતા આ વાસણો જામનગર શહેર



લાખોટા તળાવની બાજુમાં ચબૂતરા પાસે આવેલ રહેણાંક મકાનમાં તાળા થોડી ચોરી કરેલ હોવાનું જણાવ્યું હતું.

આ સાથે પોલીસે કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે આશાપુરા નગર શેરી નંબર ૨ મૂળ રહે. માળીયા હાટીના દુધાળા રોડ મફતીયા પરા જી. જૂનાગઢમાં રહેતો વિજય મુકેશભાઈ ઉર્ફે મનસુખભાઈ સોલંકી અને તેની સાથે જેતપુર નદીના સામા કાંઠે રેલવે પુલ ઈંટોના ભઠ્ઠા પાસે રહેતો રાકેશ ઉર્ફે રાહુલ મુકેશભાઈ ઉર્ફે મનસુખભાઈ સોલંકી ને ઝડપી પાડ્યા હતા. પોલીસે તપાસ કરતા તાંબાના બેડાઓ ૪૮ નંગ, પિત્તળ ની તપેલીઓ ૩૬ નંગ, તાંબાની પાણીની બોટલો ૧૧૦ નંગ તેમજ કાર સહિત કુલ રૂ. ૨,૫૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અગાઉ પણ વિજય મુકેશભાઈ સોલંકી નો રાજકોટના જુદા જુદા પોલીસ મથકમાં ૧૪ ગુન્હાઓ નોંધાયેલા છે જેમાં શાપર વેરાવળ પોલીસ મથકમાં, જેતપુર સીટી પોલીસ માથકમાં ૬ ગુન્હા, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં, ગોંડલ સીટી પોલીસ સ્ટેશન માં ૩ ગુન્હા,ધોરાજી પોલીસ સ્ટેશનમાં,જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં અને રાજકોટ શહેર એરપોર્ટ પોલીસ સ્ટેશનમાંગુન્હાઓ નોંધાય ચૂકેલા છે. અને રાકેશ ઉર્ફે રાહુલ મુકેશભાઈ સોલંકીના અગાઉ પાંચ ગુનાઓ નોંધાયેલા છે. જેમાં શાપર વેરાવળ પોલીસ સ્ટેશન, ગોંડલ સીટી પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર એરપોર્ટ પોલીસ સ્ટેશન, જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ૨ ગુન્હાઓ નોંધાયેલા છે.

બંને શખ્સોને પકડી પાડવામાં માલવિયા પોલીસ સ્ટેશનના પી.આઈ જે. આર. દેસાઈ, પી.એસ.આઇ. એસ.એ.સીન્ધી, એ.એસ.આઇ. હિરેનભાઈ પરમાર, હેડ.કોન્સ. અજયભાઈ વિક્રમા, દિનેશભાઈ બગડા, પો.કોન્સ. ભાવેશભાઈ ગઢવી, મયુરદાન બાટી, મનીષભાઈ સોઢીયા, અમરદીપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

### રાજકોટ શહેરમાં ૧૭૩ કેન્દ્રો ખાતે એસએસસી-એચએસસીના છાત્રો પરિક્ષા આપશેઃ પોલીસને ચાંપતો બંદોબસ્ત રહેશે

## ધોરણ ૧૦-૧૨ના પરિક્ષા કેન્દ્રો નજીક ઝેરોક્ષ મશીન નહિ રાખી શકાય

રાજકોટઃ આગામી દિવસોમાં માધ્યમમિક, ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધોરણ-દસ અને બારની બોર્ડની પરિક્ષા શરૂ થવાની છે અને રાજકોટમાં અલગ અલગ ૧૭૩ કેન્દ્રો પર આ પરિક્ષા લેવાની છે તે માટે શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ખાસ જાહેરનામુ બહાર પાડ્યું છે. પરિક્ષા કેન્દ્રો પર પરિક્ષાર્થીઓને કોઇ ખલેલ ન પહોંચે અને શાંતિ જળવાઇ રહે તે માટે અનેક નિયમોનું પાલન કરવા જાહેરનામામાં સુચનો કરાયા છે. આ આદેશનો ભંગ કરનારા સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી કરશે.

પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયું છે કે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૭/૨ થી ૧૭/૩ સુધી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડની પરિક્ષા લેવામાં આવશે. રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ એરીયામાં આવતી જુદી જુદી શાળાઓમાં કુલ ૧૭૩ પરિક્ષા કેન્દ્રો પર પરિક્ષા લેવાશે. જેમાં તા. ૨૭/૨, ૨૮/૨ તા. ૧/૩, તા. ૩/૩, તા. ૪/૩, તા. ૫/૩, તા. ૬/૩, તા. ૭/૩, તા. ૮/૩, તા. ૧૦/૩ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧:૪૫ સુધી તથા બપોરે ૩:૦૦ થી સાંજના ૬:૧૫ સુધી એચએસસી (સામાનય પ્રવાહ)ની પરિક્ષા કુલ-૫૫ કેન્દ્રો પર અને ૨૭/૨, ૧/૩, ૩/૩, ૫/૩, ૭/૩, ૧૦/૩ દરમિયાન દરરોજ બપોરે ૩:૦૦થી ૬:૩૦ સુધી એચએસસી વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા કુલ ૨૨ કેન્દ્રો પર લેવાશે. આ પરિક્ષામાં કોઇપણ જાતની ખલેલ વિદ્યાર્થીઓને પડે નહિ અને મુક્ત-શાંત વાતાવરણમાં તેઓ પરિક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ જાહેરનામુ બહાર પાડ્યું છે.જાહેરનામા મુજબ પરિક્ષા કેન્દ્રો (શાળા)ના કમ્મ્પાઉન્ડમાં તથા ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઇપણ અનઅધિકૃત વ્યક્તિઓએ એકત્રીત થવું નહિ અને શાળામાં પ્રવેશ કરવો નહિ.

આ ઉપરાંત પરિક્ષા કેન્દ્રો અંદર વાહન પણ લઇ જઇ શકાશે નહિ. ચારથી વધુ માણ સો ભેગા થશે કે ડી. જે. અથવા લાઉડ સ્પીકર વગાડશે તો કાર્યવાહી થશે. પરિક્ષા આપનારા છાત્રો મોબાઇલ ફોન કેન્દ્રમાં લઇ જઇ શકશે નહિ. તેમજ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રને લગતું કોઇ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન જેવા ઇલેક્ટ્રીક સાધનો વગેરે પરિક્ષા સ્થળ કે ખંડમાં લઇ જઇ શકશે નહિ, સુપરવાઇઝરોએ પણ પરિક્ષા ખંડમાં મોબાઇલ લઇ જવા નહિ. જે તે પરિક્ષા કેન્દ્ર (શાળા)ના સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરિક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના પરિક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતાં કર્મચારીઓએ ચોકસાઇ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે, પહેરવાનું રહેશે.

ઓળખકાર્ડ વગર કોઇને પરિક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહિ. આ હુકમોનું ઉલંઘન કરનારા સામે શિક્ષાત્મક કાર્યવાહી થશે. તેમ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ જણાવ્યું છે.

### અવસાન નોંધ

**ગોંડલ :** સોની શાંતિલાલ છોટાલાલ માંડલીયા (ઉ.વ ૭૪) તે ગૌ. વા.જયંતીલાલ છોટાલાલ માંડલીયાના નાનાભાઈ તે ઈએ નૈમિષ માંડલીયા, બિનલબેન વિમલકુમાર ગુસાણી (જામનગર) તેમજ ભૂમિબેન દિવ્યેશભાઈ ચરાડવા (અમદાવાદ) ના પિતાશ્રી તથા પરેશભાઈ અને દેવાંગભાઈ (વંદના જ્વેલર્સ) ના કાકા, શ્રેય અને રિશ્વા ના દાદા, તે ગૌ.વા. સોની ધીરજલાલ તથા હસમુખભાઈ, રજનીભાઈ સાહોલિયા (રાજકોટ) ના બનેવી તા. ૧૭/૦૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગત નું બેસણું તા. ૨૦/૦૨/૨૦૨૫ ને ગુરુવાર ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન રાધેશ્યામ વાડી, યોગી નગર, દીપક મેરેજ હોલ સામે, ગોંડલ ખાતે રાખેલ છે.

ફ્રેન્ડશીપના નામે મેસેજ કરી કહ્યું-હું લાઇફમાં એકલો છું, મારા ઘરના મને સમજતા નથી, હું સારો વ્યક્તિ છું યુવતિ વાતોમાં આવી જતાં પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ દઇ દેહ પીંખ્યોઃ પછી બીજે પરણી ગયો

# લવ સેક્સ ધોખાઃ વીસ વર્ષીય યુવતીની ઢગાએ બગાડી જિંદગી

## શરીર સંબંધ બાંધી લીધા પછી કહ્યું-મારા બીજા લગ્નનો માંડ નક્કી થયું છે, તું મારી મજબૂરી સમજ, હવે વાત નહિ કરીએઃ લગ્ન પ્રસંગ પુરો થતાં જ તાલુકા પોલીસે વરઘોડો કાઢ્યો

રાજકોટઃ લવ સેક્સ ઔર ધોખાની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી રહે છે. વધુ એક લેભાગુએ એક યુવતિને ફ્રેન્ડશીપના નામે ફસાવી શોષણ કરી બળાત્કાર ગુજારી લીધો હતો. પહેલા તો તેણે મિત્રતા બાંધી હતી પછી લગ્નની લાલચ આપી હતી અને બાદમાં યુવતિને હવસખોરીનો શિકાર બનાવી છેલ્લે મારા માંડ બીજા લગ્નનું ગોઠવાયું છે, હવે હું તારી સાથે વાત નહિ કરી શકું તેમ કહી તેણીને તરછોડીને બીજી સાથે પરણી જતાં યુવતિએ પોતાની સાથે છેતરપીંડી થયાનું કહી પોલીસને જાણ કરતાં તાલુકા પોલીસે દૂષ્કર્મનો ગુનો નોંધી લગ્ન પુરા થયા એ સાથે જ આરોપીને પકડી લીધો હતો. વીસ વર્ષની યુવતિને ચાલસ વર્ષના ઢગાએ ફસાવ્યાની આ ઘટના લાલબત્તી સમાન છે.



શહેરમાં રહેતી વીસ વર્ષની એક યુવતિને ફ્રેન્ડશીપના નામે ભોળવી તેના મોબાઇલ નંબર મેળવી 'હું લાઇફમાં એકલો છું, મારા ઘરના મને સમજતા નથી, હું સારો વ્યક્તિ છું' કહીને વહોટ્સએપમાં મેસેજ મોકલી ફ્રેન્ડશીપ કરી બાદમાં લગ્નની લાલચ આપી યુવતિ સાથે ચાલીસ વર્ષના ઢગાએ બળાત્કાર ગુજારી લેતાં અને બાદમાં યુવતિને 'મારા બીજા લગ્નનો માંડ મેળ પડ્યો છે, તું મારી મજબૂરી સમજ હવે આપણે વાત નહિ કરીએ' કહી સંબંધ તોડી નાખી બીજી છોકરી સાથે પરણી ગયો હતો. આ ઘટનામાં તાલુકા પોલીસે ભોગ બનનાર વીસ વર્ષની યુવતિની ફરિયાદ પરથી મવડી પાળ રોડ વિસ્તારમાં રહેતાં ચાલીસ વર્ષના દિલીપ નાનજીભાઇ ચાવડા નામના શખ્સ વિરૂધ્ધ દૂષ્કર્મનો ગુનો નોંધી તેને સકંજામાં લીધો છે.

ભોગ બનનાર યુવતિએ પોલીસને જણાવ્યું હતું કે હું ગયા સપ્ટેમ્બર મહિનામાં પાળતુ પક્ષી મારી પાસે હોઇ તેને લઇને અવાર-નવાર આટો મારવા નીકળતી હતી ત્યારે દિલીપ મારી સામે જોયા કરતો હતો. એ પછી એક દિવસ તેણે મારો મોબાઇલ નંબર માંગ્યો હતો. ત્યારબાદ તેણે મારા વ્હોટ્સએપમાં 'હાઇ'નો મેસેજ લખ્યો હતો અને તારે મારી સાથે ફ્રેન્ડશીપ કરવી છે? હું મારી લાઇફમાં એકલો જ છું, મારા ઘરના મને સમજતા નથી, હું સારો વ્યક્તિ છું અને હું કોઇને કહીશ નહિ...તેવો મેસેજ મોકલ્યો હતો. જેથી મેં તેને માત્ર ફ્રેન્ડ તરીકે વાત કરવાની હા પાડી હતી. એ પછી અમે બંને અવાર-નવાર ફોન કોલથી અને મેસેજથી વાત કરતાં હતાં. તે પોતાના જીવનની બધી વાત મારી સાથે કરતો હતો.

ત્યારબાદ એક વખત તેણે અમે ભેગા થયા ત્યારે ખરાબ વાત કરી હતી. જેથી મેં તેને હવે પછી મેસેજ ન કરવા કહી તેનો નંબર બ્લોક કરી દીધો હતો. ત્યારબાદ તેણે મને કહેલુ કે હું તારી સાથે મેરેજ કરી લઇશ, તુ.મને મળવા આવ. આથી મને તેના પર વિશ્વાસ આવતાં ફરીથી તેની સાથે વાતચીત ચાલુ કરી હતી. એ પછી દિલીપના ઘરે અમારી ખબર પડી જતાં તેના માતા, ભાભીએ મને બોલાવી કહેલુ કે તમારુ આ જે ચાલે છે તે તમારી રીતે પુરો કરો નહિતર હેરાન થઇ જશો. જેથી મને બીક લાગતાં મેં દિલીપ સાથે વાત બંધ કરી દીધી હતી. ત્યારબાદ ડિસેમ્બર મહિનામાં હું એકલી હતી ત્યારે અચાનક દિલીપ ઘરે આવી ગયો હતો અને તું કેમ મારી સાથે વાત નથી કરતી, મારુ શું થશે, મારા ઘરના સભ્યો તને ખીજાય છે, પણ હું તને ક્યાં કંઇ કહુ છું? તું મારી સામુ તો જો તેમ કહી મારી સાથે ખરાબ વાત કરી હતી. એ પછી ફરીથી અમે ફોનમાં વાતચીત કરતાં થયા હતાં. બાદમાં તા. ૨૨/૧/૨૫ના રોજ હું ઘરે એકલી હતી ત્યારે દિલીપે હું તને મળવા આવુ છું તેમ કહેતાં ના પાડવા છતાં તે સવારે ઘરમાં ઘુસી ગયો હતો અને કહ્યું હતું કે-હું ના પાડુ છું છતાં મારા ઘરના લોકોએ મારા લગ્ન બીજી જગ્યાએ નક્કી કરી નાંખ્યા છે પણ મારે તારી સાથે જ લગ્ન કરવા છે તેમ કહી મારી સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો.

ત્યારબાદ મને ખબર પડી હતી કે તેના લગ્ન બીજે નક્કી થઇ ગયા છે. મેં તેને લગ્નની વાત કરતાં તેણે ફોનમાં ઝઘડો કરીને કહેલું કે-મારા આ બીજા લગ્ન પણ માંડ કરીને નક્કી થયા છે, તું મારી મજબૂરી સમજ, હવે આપણે વાત નહિ કરીએ તેમ કહેતાં મેં તેનો નંબર બ્લોક કરી નાંખ્યો હતો. સમાજમાં બદનામી થશે એવા ડરથી મેં કોઇને વાત કરી નહોતી. દિલીપે ફ્રેન્ડશીપ કરી પછી લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચરી લીધુ હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ ભોગ બનનારે જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ કે. એચ. કારેણાએ ગુનો નોંધી આરોપી દિલીપ નાનજીભાઇ ચાવડાને સકંજામાં લીધો છે. તેના અગાઉ એક લગ્ન થયા હતાં અને તૂટી ગયા હતાં. ફરીવાર આ શખ્સના બીજા લગ્ન પરમદિવસે જ થયા હતાં. એ સાથે જ પોલીસે તેને ઉઠાવી લીધો હતો. આ શખ્સ મેટોડા કારખાનામાં નોકરી કરે છે. આ ઘટનાએ ચકચાર જગાવી છે અને ફ્રેન્ડશીપ, લવના નામે ભોળવાઇ જતી યુવતિઓ માટે લાલબત્તી પણ ધરી છે.

# પૈસા માટે પિતા સાથે બથોડે આવેલા કિશને વૃધ્ધ દાદી સામે છરી ઉગામી પછાડી દીધા!

## બેડી ગામનો ચોંકાવનારો કિસ્સોઃ કુવાડવા પોલીસે વૃધ્ધાની ફરિયાદ નોંધી

રાજકોટઃ હજુ ગઇકાલે જ એક કિસ્સામાં કોટેચા ચોક નજીક રહેતાં એક શખ્સે પોતાના વૃધ્ધા માતાનો પૈસા માટે હાથ મરડી નાખી બહેનને વાઇપરથી ફટકારી હતી. ત્યાં હવે રાજકોટના બેડી ગામે રહેતાં વૃધ્ધાને તેના જ પૌત્રએ છરી બતાવી ઢીકાપાટુનો માર મારી ધક્કો દઇ પછાડી દેતાં ઇજા થઇ હતી. બાપ-દિકરા વચ્ચે પૈસા મામલે ઝઘડો થતો હોઇ વૃધ્ધા પૌત્રને સમજાવવા વચ્ચે પડતાં તેમના પર હુમલો થતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે બેડી ગામમાં વિશાલ રેસ્ટોરન્ટ પાછળની શેરીમાં અથર્વ હોસ્પિટલ પાસે રહેતાં સિત્તેર વર્ષના દુધીબેન નરસીભાઇ સોલંકીની ફરિયાદ પરથી તેના પૌત્ર કિશન સુખાભાઇ સોલંકી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી કાયદાનું ભાન કરાવવા તજવીજ આદરી હતી.



ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં વૃધ્ધા દુધીબેન સોલંકીએ જણાવ્યું હતું કે કે હું પતિ સાથે રહુ છું અને સંતાનમાં ત્રણ દિકરા તથા એક દિકરી છે. હું નાના દિકરા ભરત સાથે તેના મકાનમાં રહું છું. બાજુમાં બીજુ મકાન છે તેમાં બીજા દિકરા રહે છે. જે પૈકી મોટા દિકરા સુખાભાઇ જેમાં રહે છે તે મકાન મારા નામે છે. ઘરની બાજુમાં દેકારો થતાં હું જોવા માટે જતાં મારા દિકરા સુખાભાઇ સાથે તેનો દિકરો કિશન અને તેની પત્નિ કોમલ ઝઘડો કરતાં હતાં. કિશનના હાથમાં છરી હતી અને તે મારા દિકરા સુખાભાઇને મારવા જતો હોઇ હું વચ્ચે પડી તેને સમજાવવા જતાં કિશને ઉશ્કેરાઇ જઇ મને ઢીકાપાટા મારી લઇ છરી બતાવી ધક્કો મારી પછાડી દીધી હતી. આ કારણે માથાના પાછળના ભાગે મુંઢ ઇજા થઇ હતી. રાડો સાંભળી મારા દિકરા રમેશભાઇનો દિકરો રોહિત, રોહિતના પત્નિ પૂજા તથા બીજા પડોશીઓ ભેગા થઇ જતાં કિશન અને તેની પત્નિ પૂજા ભાગી ગયા હતાં.

મને ઇજા થઇ હોઇ બેભાન જેવી થઇ જતાં સારવાર માટે હોસ્પિટલે લઇ ગયા હતાં. મારો દિકરો સુખાભાઇ તેના દિકરા કિશન પાસે પૈસા માંગતો હોઇ તે બાબતે કિશને બોલાચાલી કરી ઝઘડો કરતાં હું છોડાવવા જતાં મને છરી બતાવી ઢીકાપાટુ મારી ધક્કો દઇ પછાડી દીધી હતી. કુવાડવા પોલીસ મથકના હેડકોન્સ. લક્ષ્મણભાઇ મહાજને ગુનો નોંધી પોલીસ ઇન્સ્પેક્ટર બી. પી. રજયાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરી હતી.

# ૨ વર્ષની તરૂણી ઉપર દુષ્કર્મ આચરનાર શખ્સને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

## શાપરમાં માતાએ વેફર લેવા પાંચ રૂપિયા આપ્યા અને પુત્રી ચોકલેટ લઈ ઘરે આવતા પૂછપરછમાં ભાંડો ફૂટ્યો' તો

ગોંડલ તા.૧૯

શાપર-વેરાવળમાં રહેતી ૧૨ વર્ષની તરુણીને માતાએ વેફર લેવા પાંચ રૂપિયા આપ્યા હતાં પરંતુ પુત્રી ઘરે ચોકલેટ લઈને આવ્યા બાદ માતાએ ચોકલેટ અંગે પુછપરછ કરતા માસુમ બાળકીએ એક શખ્સે ચોકલેટ આપી દુષ્કર્મ આચર્યુ હોવાની આપવીતી વર્ણવી હતી.

જે અંગે નોંધાયેલી ફરિયાદના આધારે ઝડપાયેલા આરોપી સામેનો કેસ ચાલી જતાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટના શાપર-વેરાવળમાં રહેતા પરિવારની ૧૨ વર્ષની તરુણીને તેની માતાએ વેફર લેવા માટે પાંચ રૂપિયા આપ્યા હતાં.

અને તરુણી ચોકલેટ લઈને ઘરે આવી હતી. જેથી માતાને શંકા જતાં મે તને પાંચ રૂપિયા આપ્યા હતાં છતાં વધુ રકમની ચોકલેટ ક્યાંથી લાવી તે અંગે પુછપરછ કરી હતી. જે પુછપરછ દરમિયાન તરુણીએ ચોકલેટ શાપર-વેરાવળમાં શાંતિધામ ગેઈટ પાસે અક્ષર રેસીડેન્સીમાં રહેતા રોહિત મનીષ વાઘેલાએ આપ્યું હોવાનું જણાવ્યું હતું. અને અગાઉ પણ રોહિત વાઘેલાએ પોતાના ઘરે બોલાવી બે વખત શરીર સબંધ બાંધ્યો હોવાની આપવીતી માતા સામે વર્ણવી હતી. જે અંગે ભોગ બનનાર બાળાની માતાએ શાપર-વેરાવળ પોલીસ મથકમાં રોહિત મનીષ વાઘેલા વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોક્સો એક્ટ હેઠળ આરોપી રોહિત વાઘેલાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

જે કેસમાં આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા મળતા તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. જે કે, ગોંડલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બન્ને પક્ષની રજૂઆત બાદ ભોગ બનનાર અને તેની માતાની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવા અને સરકાર પક્ષે સરકારી વકીલ દ્વારા કરવામાં વાવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ ગોંડલ સેશન્સ જજ એમ.એ. ભટ્ટીએ ૧૨ વર્ષની તરુણી ઉપર દુષ્કર્મ આચરનાર રોહિત વાઘેલાને તક્સીરવાન ઠેરવી ૨૦ વર્ષની સજા ફટકારતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારપક્ષે સરકારી વકીલ ઘનશ્યામ ડોબરિયા રોકાયા હતાં.

# રાજકોટ પ્રસંગમાં હાજરી આપવા આવેલા જામનગરના આધેડનું અકસ્માતમાં મોત

મો.સા. ઠોકરે લીધા બાદ વાહનચાલક ફરાર



રાજકોટ મિરર તા.૧૯

રાજકોટના પડધરી પાસે અકસ્માતમાં જામનગરના નવાગામ ઘેડના આધેડનું ઘટના સ્થળે મોત થયું હતું. તેના પિતરાઇ ભાઇને ઇજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. . બન્ને પિતરાઇ ભાઇઓ રાજકોટ લગ્નપ્રસંગમાં આવતા હતાને આ બનાવ બન્યો હોવાનું બહાર આવતા પડધરી પોલીસે ગુનો નોંધી તેમજ નાસી જનાર વાહનચાલક પર કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ નવાગામ ઘેડમાં રહેતા ભીખુભાઇ ઉકાભાઇ ફટાણિયા (ઉ.૫૦) અને તેના પિતરાઇ ભાઇ ભીખુભાઇ બોઘાભાઇ ફટાણિયા (ઉ.૫૧) મો.સા લઇને રાજકોટમાં મોરબી રોડ પર લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવતા હતા. તે દરમિયાન પડધરી પાસે કોઈ અજાણ્યા વાહને ઠોકરે લેતા બન્ને ભાઈઓ ફંગાળાઇ ગયા હતા. ત્યારબાદ બંને ભાઇઓને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ભીખુભાઇ ઉકાભાઇ ફટાણિયાનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે પડધરી પોલીસે તપાસ કરતા મૃતક આધેડ ફર્નિચરનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોવાનું પરિવારે જણાવતા પોલીસે ગુનો નોંધવાની કાર્યવાહી કરી છે. અકસ્માત સર્જી નાસી જનાર વાહન ચાલકને ઝડપી લેવા પોલીસે કાર્યવાહી હાથધરી છે.

# રાજકોટ-જેતપુર વચ્ચે આવેલા બે ટોલનાકા પૈકી એક બંધ કરવાની માંગ સાથે ઉપવાસ આંદોલનની ચીમકી

રાજકોટ મિરર તા.૧૯

તાજેતર માં કેન્દ્રીય પરીવહન મંત્રી નિતિન ગડકરીએ કહ્યુ હતુ કે ૬૦ કિ.મી.નાં અંતર માં બે ટોલનાકા હોય તો તે ગેરકાયદેસર છે.પરંતુ પરીવહન મંત્રીની ઐસીતૈસી કરી ૬૦ કિ.મી.અંતરમાં રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર ભરુડી અને પીઠડીયા ટોલનાકા વરસોથી ધમધમી રહ્યા છે.અનેક રજુઆતો છતા તંત્ર ચુપ બેઠુછે.ત્યારે ગોંડલ નાં એડવોકેટ ધ્રુવકુમાર કાછડીયાએ જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી બે પૈકી એક ટોલનાકુ બંધ કરવા અને હાલ સિક્સ લેન નું કામ ચાલુ હોય વાહનો પાસેથી ઉઘરાવાતો ટોલટેક્સ સ્થગિત કરવા જણાવ્યુ છે. અન્યથા તા.૨૫ થી ઉપવાસ આંદોલન ની ચીમકી અપાઇ છે. ધ્રુવકુમાર કાછડીયાએ આવેદનપત્ર પત્ર

**તા.૨૫ થી ઉમવાડા ચોકડી પર આંદોલન શરુ કરાશે**

માં જણાવ્યુ કે હાઈવે પર ૬૦ કિલોમીટર નાં અંતર નાં બે ટોલનાકા હોવા તે ગેરકાયદેસર છે.ત્યારે ભરૂડી તથા પીઠડીયા ટોલનાકા ૬૦ કિ.મી.અંદર આવતા હોવા છતા વાહનચાલકો પાસે તગડો ટોલટેક્સ ઉઘરાવાઇ રહ્યોછે.વરસોથી વાહનચાલકો લુંટાઇ રહ્યાછે.આ અંગે અનેકવાર રજૂઆત કરવા છતા કોઇ પગલા લેવાયા નથી.અને બન્ને ટોલનાકા ગેરકાયદેસર ધમધમી રહ્યાછે.વધુમાં હાલ નેશનલ હાઇવે પર સિક્સલેન નું કામ ચાલી રહ્યુછે.જેને કારણે ટ્રાફિક જામ સહિત અનેક અગવડતાઓ વાહનચાલકો ભોગવી રહ્યાછે.તો કામ પુરુ ના થાય ત્યાંસુધી ટોલ માફ કરવા જણાવાયું છે.

અન્યથા તા.૨૫ થી નેશનલ હાઈવે ઉમવાડા ચોકડી પાસે આવેલી ગોકુલ વાટીકા નાં ગેઇટ પર સવાર થી સાંજ સુધી બે મુદતી ઉપવાસ આંદોલન ની ધ્રુવકુમાર કાછડીયાએ ચીમકી ઉચ્ચારીછે.

ઉલ્લેખનીય કે ભરુડી ટોલ નાકા પર લોકલ પાસનાં રુ.૨૫ લેવામાં આવી રહ્યાછે.ગોંડલ નાં વિવિધ વિસ્તારોનાં અલગ અલગ ભાવ નક્કી કરાયાછે.કોઇ વિસ્તાર નાં ૧૦ તો કોઇ વિસ્તાર નાં ૨૫ રુ.લેવાયછે.ભરુડી ટોલનાકાથી ગોંડલ ૧૫ કિલોમીટર દુર હોવા છતા મનઘડત ટોલટેક્સ ઉઘરાવાઇ રહ્યો હોય ગોંડલ ની પ્રજા માં કચવાટ ફેલાઈ રહ્યોછે.

ગોંડલ રોડ ગીતાનગરની ઘટનાઃ યુવતિની કરિયાણાની દુકાન સારી ચાલતી હોઇ, દુકાન નજીક ઘર લીધુ હોઇ તે આરઝુ પાનવાળા ઇલ્યાસને ન ગમતાં ડખ્ખા ચાલુ કર્યાઃ યુવતિનો વિડીયો ઉતરાવ્યો, તેની દુકાને આવતાં બાટલાની ગાડીવાળાને પણ ધમકાવ્યો

# વિધર્મી દુકાનદારે હિન્દુ દૂકાનદાર યુવતિને કરી હેરાન પરેશાન

## યુવતિની પાછળ પાછળ જઇ પરેશાન પણ કરતો હોવાનો આરોપઃ દોઢ વર્ષ સહન કર્યા બાદ માલવીયાનગર પોલીસને જાણ કરતાં એફઆઇઆર દાખલ થઇ

રાજકોટઃ શહેરના અમુક લોકો એવા પણ હોય છે જે બીજા કોઇનો કામધંધો વેપાર સારા ચાલતા હોય તો તે જોઇ શકતા નથી. ઇર્ષ્યાની આગમાં બળતાં આવા લોકો ઘણીવાર ગુનાખોરી આચરી લેતાં હોય છે. આવી જ એક ઘટના ઘટી છે જેમાં ગોંડલ રોડ પર ગીતાનગરમાં રહેતી અને ઘર નજીક ખોડીયારનગરમાં કરિયાણાની દુકાન ચલાવતી સત્યાવીસ વર્ષિય યુવતિએ દુકાન નજીક જ દોઢ વર્ષ પહેલા ઘર ખરીદ કર્યુ હોઇ તે અને તેણીની દુકાનમાં વેપાર પણ સારો ચાલતો હોઇ તે વાત સામે જ પાનની દુકાન ધરાવતાં ઇલ્યાસને ગમતી ન હોઇ ધંધાખારને કારણે તેણીને દોઢેક વર્ષથી હેરાન કરી પાછળ પાછળ જતો હોઇ તેમજ દુકાનના વિડીયો ઉતારવી પરેશાન કરતો હોઇ પોલીસને જાણ કરવામાં



આવી છે. દોઢ વર્ષથી આ શખ્સ તથા અન્ય એક શખ્સ તેણીને હેરાન કરતાં હતાં.

ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો જોઇએ તો આ મામલે માલવીયાનગર પોલીસે ગોંડલ રોડ ગીતાનગર-૮માં રહેતાં હિન્દુ પરિવારના યુવતિની ફરિયાદ પરથી ઇલ્યાસ-આરઝુ પાનવાળો અને સુલતાન તથા તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદી યુવતિ પરિવાર સાથે રહે છે અને ઘર નજીક ખોડિયારનગર-૧માં જલારામ પ્રોવીઝન તથા પ્યુરો એનર્જી ગેસના બાટલાનું વેચાણ કરી ગુજરાન ચલાવે છે. તેની સાથે તેમનો ભાઇ નિખીલ પણ આ ધંધો સંભાળ છે. પિતા એક વર્ષ પહેલા અવસાન પામ્યા છે. તેણીની દુકાનની સામે જ આરઝુ પાન નામે ઇલ્યાસ દુકાન ચલાવે છે. તેણીએ પોલીસને જણાવ્યું હતું કે ગત તા. ૧/૧ના સવારે પોણા અગિયારેક વાગ્યે હું દુકાને હતી ત્યારે ઇલ્યાસની દૂકાને ઉભો ઉભો એક અજાણ્યો શખ્સ મારો વિડીયો મોબાઇલ ફોનથી ઉતારતો હતો.

આથી મેં તેને મારી પાસે બોલાવી શું કારણે મારો વિડીયો ઉતારે છે? તેમ પુછતાં તેણે કહેલુ કે મને આરઝુ પાનવાળાએ કીધુ છે કે જલારામ પ્રોવિઝનવાળા બહેનનો વિડીયો ઉતારી ફેસબૂક ઇન્સ્ટાગ્રામ પર મુકી દે. ત્યારબાદ અઠવાડીયા પછી મારી દુકાને પ્યુરો એનર્જી ગેસના બાટલાની ગાડી મારી દુકાને બાટલા ઉતારવા આવી ત્યારે પણ આરઝુ પાનવાળા ઇલ્યાસ અને સુલ્તાને બાટલાની ગાડીના ડ્રાઇવરને ધમકી આપી હતી. જેથી મેં બંનેને સમજાવતાં મને પણ મારી નાખવાની ધમકી આપી હતી.

કરિયાણાની દુકાનદાર યુવતિએ વધુમાં જણાવ્યું હતું કે ઇલ્યાસ આખો દિવસ આ લોકો મારી સામે જ જોયા કરતાં હોઇ તેમજ કંઇ વસ્તુ લેવા જાઉ તો પણ ઇલ્યાસ પીછો કરતો હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી. આ માથાકુટનું કારણ એ છે કે મારી દુકાનથી થોડે આગળ મેં દોઢેક વર્ષ પહેલા મકાન લીધુ હોઇ તે ઇલ્યાસને ગમતું ન હોવાથી તેમજ ઇલ્યાસ કરતાં મારી કરીયાણાની દુકાન સારી ચાલતી હોઇ ધંધા ખાર રાખી મને દોઢેક વર્ષથી તે હેરાન કરે છે અને ધમકી આપી પીછો પણ કરે છે. સમગ્ર ઘટના મામલે માલીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં એએસઆઇ આર. ડી. ગોહિલે એફઆઇઆર દાખલ કરી જેના નામ છે તે બંનેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

રાજકોટ મનપાનું જનરલ બોર્ડ

# વિપક્ષી દેકારા વચ્ચે ૩૧૧૮ કરોડનું બજેટ મંજૂર

## મેયર ફરી આવ્યા વિવાદમાં : સંકલન બેઠક અધવચ્ચે છોડી ચાલ્યા ગયા હોવાનું આવ્યું બહાર : સત્તાધીશોએ વાતને નકારી





રાજકોટ, તા. ૧૯

આગામી નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગઈકાલે મહાનગરપાલિકામાં યોજાયેલી જનરલ બોર્ડમાં મૂકવામાં આવ્યું હતું જેમાં ભાજપના સત્તાધિશોએ તેને સર્વાનુંમતે મંજૂર પણ કર્યું હતું. ક્યાંક ને ક્યાંક મેયર ની અવગાણા થઈ હોય અને માન જાળવવામાં આવ્યું ન હોય તેવી સ્થિતિનું નિર્માણ થતા સંકલન બેઠક બાદ સીધા જ મેયર ચાલ્યા ગયા હતા જે હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા પર હાલ વિવાદનો વંટોળ ઊભો થયો છે પ્રયાગરાજ નો મુદ્દો હજુ શાંત જ પડ્યો છે ત્યાં ફરી એક વખત જનરલ બોર્ડ પૂર્વેના ભાજપ સંકલનમાં ભડકો થયો હોય તેવું ચિત્ર પણ સામે આવ્યું હોવાનું હાલ ચર્ચાઇ રહ્યું છે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર સરકારી ગ્રાન્ટની ફાળવણી માટે જે આભાર પ્રસ્તાવ જ્યારે મેયર દ્વારા રજૂ કરવામાં આવ્યો ત્યારે જુજ નગરસેવકો દ્વારા તેમની વાતને ગંભીરતાથી લેવામાં આવી ન હતી અને અપમાનની અનુભૂતિ થતા મેયરે સંકલન છોડી નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

આ મુદ્દો વિકરાળ ન બને તે માટે શહેર પ્રમુખ અને સ્ટેન્ડિંગ ચેરમેન મેયરની ચેમ્બરમાં દોડી ગયા હતા અને સમગ્ર મામલેને શાંત કર્યો હતો તેવું પણ તજજ્ઞ કહી રહ્યા છે.

બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકાનું આગામી નાણાકીય વર્ષ માટેનું જે કર્બોજ વગરનું ૩૧૧૮ કરોડના અંદાજપત્રને સ્ટેન્ડિંગ કમિટી બાદ જનરલ બોર્ડમાં મંજુર કરવામાં આવ્યું હતું ત્યારે આ બજેટને વિપક્ષે પણ ટેકો આપ્યો હતો અને સર્વાનું મતે મંજૂર કરવામાં આવ્યું હતું.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે શહેરીજનોનો એક પણ રૂપિયાનો વધારાનો કરબો જો નાખવાના બદલે હાલ મહાનગરપાલિકાને જે આવકનો સ્ત્રોત મળ્યો છે તેમાં કઈ રીતે વધારો કરી શકાય અને મહેસુલી ખર્ચમાં કેવી રીતે કાપ મૂકી શકાય તે લક્ષ્યાંક ને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા આ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે બજેટમાં કુલ ૫૫.૯૨ કરોડની અનેકવિધ નવી યોજનાઓનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે અને મહાનગરપાલિકા આ વર્ષે કરકસર કરી પોતાના ખર્ચ પર અંકુશ મુકશે તેવું પણ જણાવ્યું હતું.

### છેવાડાના માનવી સુધી સરકારી યોજના પહોંચે તે માટે ભાજપ અને મનપા કટિબદ્ધ : મેયર

ગઈકાલે યોજાયેલા જનરલ બોર્ડમાં જે બજેટ મંજૂર કરવામાં આવ્યું તેને લઈને રાજકોટના પ્રથમ નાગરિકે રાજીપો વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે તે પ્રજાલક્ષી અભિગમ ને ઉજાગર કરતું ચિત્ર છે એટલું જ નહીં તેઓએ પ્રજાનો પણ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે આ જ રાજકોટના લોકોએ ભારતીય જનતા પાર્ટીને ચાર દાયકાથી વધુ સમયથી શાસન સોપ્યું છે કારણ કે તેઓને ખ્યાલ છે કે માત્ર ભાજપ જ છે કે તેમને દરેક સુખ સુવિધાઓ પૂરી પાડી શકશે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના સત્તાધિશોનું એક જ માનવું છે અને એક જ લક્ષ્ય છે કે શહેરના છેવાળાના માનવી સુધી સરકારની દરેક યોજનાઓ પહોંચે આ તકે તેઓએ પૂર્વ મેયર અરવિંદભાઈ મણિયાર સહિતના તમામ પૂર્વ મયરો દ્વારા જે રસ્તો બનાવ્યો છે તેને વધુ સરળ અને સુદ્રઢ કરવામાં આવે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

### પ્રથમ નાગરિકે સંકલન બેઠક છોડી હોવાની વાતને નકારી કાઢતા સ્ટેન્ડિંગ ચેરમેન

રાજકોટ મહાનગરપાલિકાની સંકલન બેઠકમાં તમામ પદાધિકારીઓ અને કોર્પોરેટરની ઉપસ્થિતિમાં કોર્પોરેટર વિનુભાઈ ઘવાના બજેટમાં સંબંધીત કરબોજના પ્રશ્ન પૂછવાથી મેયર નારાજ થઈ સંકલન બેઠક છોડી હતી.તેવી જાણકારોમાં ચર્ચાઓ થઈ છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકરે જ્યારે આ સમગ્ર બાબતને નકારી છે.સંકલન બેઠકમાં આ પ્રકારે કોઈ પણ ઘટના બની નથી ચેરમેનને ઈનકાર કર્યો છે.

### રાજકોટનું બજેટ વાસ્તવિકતાથી જોજનો દૂરઃ વશરામ સાગઠીયા

વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાએ જનરલ બોર્ડ પૂર્ણ થયું ત્યારબાદ તેઓ જણાવ્યું હતું કે ભાજપના નગરસેવકો અને સત્તાધિશો પોતાની વાહ વાહ સાંભળવામાં જ મશગુલ રહે છે. વધુમાં તેઓ આક્ષેપ લગાવ્યો હતો કે, ભાજપ ની ચુંટાયેલી પાક દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે તે વાસ્તવિકતાથી જોજનો દૂર છે. કોઈ સ્પષ્ટતા બજેટમાં કરવામાં આવી નથી જેનાથી સાચો અને યોગ્ય ચિતાર મળી શકે. તેઓ જણાવ્યું હતું કે માત્ર મોટી યોજનાઓ અને મોટા પ્રોજેક્ટ દેખાડાથી જ કામગીરી પૂર્ણ થતી નથી તેને યોગ્ય રીતે અનુસરવામાં આવે તે ખૂબ જરૂરી અને મહત્વની છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે વિપક્ષ દ્વારા જ્યારે મેયર ને પૂછવામાં આવ્યું કે ૩૧૧૮ કરોડ આવશે ક્યાંથી અને તેને વાપરવામાં ક્યાં આવશે તો તે અંગે કોઈ યોગ્ય જવાબ આપવામાં આવ્યો નથી ત્યારે તેઓએ જણાવ્યું કે લોકોને લૂંટવાના બદલે સત્ય હકીકત બહાર આવે અને સમતોલ બજેટ રજૂ થાય તે ખૂબ જરૂરી છે. વધુમાં તેઓએ જણાવ્યું કે બજેટમાં વિરોધ પક્ષને બોલવાનો પૂરતો હક હોય છે અને પૂરતો સમય પણ મળે છે પરંતુ આ તંત્રએ તેમને બોલવા પણ નથી દીધા જે ખરા અર્થમાં લોકશાહીનું હનન છે.

# જીવનપ્રભા કો ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં અશાંતધારાનો ઉલાળીયો

## કલેકટરને તપાસની માંગ સાથે પશ્ચિમ મામલતદારને સોપાઈ કામગીરી

રાજકોટ, તા. ૧૯

શહેરમાં સુલેહ અને શાંતિ જળવાઈ તે માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો હતો પરંતુ ઘણા ખરા વિસ્તારમાં આ કાયદાનો ભંગ થતો જોવા મળે છે ત્યારે વિમાન નગર અલકાપુરી વિસ્તારમાં અશાંતધારા નો ભંગ કરી મકાનોનું વેચાણ થતું હોવાનું જીવન પ્રભાક કો ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારોએ કલેક્ટર તંત્રને ફરિયાદમાં જણાવ્યું છે અને આ ગંભીર પરિસ્થિતિ હોવાના પગલે જિલ્લા કલેકટર પ્રભાવ જોશીએ પશ્ચિમ મામલતદારને તપાસના આદેશ પણ કર્યા છે. મળતી માહિતી મુજબ હાલ જીવનપ્રભા કો ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના પ્રમુખ અને સદસ્યોએ માહિતી આપતા જણાવ્યું કે રાજકોટની આશરે ૨૫ થી વધુ સોસાયટીમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. ત્યારે હાલ જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેના પર અંકુશ લાદવા માટે કલેક્ટર દ્વારા નક્કર પગલા લેવામાં આવે તે માટે ખાસ વ્યવસ્થા અને તપાસ કરવા માટે સોસાયટીના સભ્યોએ અને હોદ્દેદારોએ રજૂઆત અને માંગણી પણ કરી છે.

આ અશાંતધારા હેઠળ વિમાનગર, અલકાપુરી, છોટુનગર, નિરંજની સોસાયટી, સિંચાઈનગર, આરાધના સોસાયટી, સહિતની સોસાયટીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.આ ૨૭ જેટલી સોસાયટીઓમાં કુલ માનવ વસ્તીનાં ૯૦ ટકાથી વધુ વસ્તી હિન્દુઓની છે.પરંતુ છેલ્લા કેટલાંક સમયથી કલેકટરની પૂર્વ મંજુરી વગર આ વિસ્તારનાં મિલકત ધારકો દ્વારા વિધર્મીઓને અશાંતધારાનો ભંગ કરી મિલકત વેંચાણની કાર્યવાહી શરૂ કરી આ વિસ્તારની શાંતિ જોખમમાં મુકવાનો પ્રયાસ કરેલ છે. જીવનપ્રભા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીની આ ફરિયાદમાં આ વિસ્તારમાં વિધર્મીઓએ ખરીદ કરેલ મિલકતોનું વેંચાણ રદ કરવા અને વિધર્મીઓને મિલકત ખરીદવાની મંજુરી નહિં આપવા માંગણી ઉઠાવી છે.આ ફરીયાદ સીટી પ્રાંત એક અધિકારી પાસે પહોંચતા તંત્ર ચોંકી ઉઠયુ છે અને આ મામલે તપાસ રિપોર્ટ આપવા માટે પશ્ચિમ મામલતદારને આદેશ કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે

# આજે કલેકટરનું અપીલ બોર્ડ : ૨૨ કેસ પર સુનાવણી

રાજકોટ, તા. ૧૯

જિલ્લાની કામગીરીને લઈને આજે કલેકટરના અધ્યક્ષ સ્થાને અપીલ બોર્ડ અને આવતીકાલે રેવેન્યુ અધિકારીની ખાસ બેઠક બોલાવવામાં આવી છે જેમાં જિલ્લામાં થયેલી કામગીરી અંગે હાલ માહિતી લેવામાં આવશે અને જરૂરી સૂચનો અને સુજાઓ પણ આપવામાં આવશે. કલેકટર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હાલ મહત્વનું એ છે કે જે દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તેને વધુ તીવ્રવેગ આપવામાં આવે અને રાજદિન સુધીની કામગીરી નું અવલોકન પણ કરવામાં આવશે તેવું વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. આજે જે અપીલ બોર્ડ મળશે તેમાં આશરે ૨૨ જેટલા કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે જેમાં મુખ્યત્વે સામાન્ય તકરાર જેવા કેસ હાલ સામે આવ્યા છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે તા.૨૦ના કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને અપીલના કેસોનું બોર્ડ તેમજ તા.૨૧ને શુક્રવારે રેવન્યુ અધિકારીઓ (આર.ઓ.) બેઠક આયોજિત કરવામાં આવી છે.જેમાં અપીલના બોર્ડમાં ૨૨ કેસા સુનાવણીમાં મુકવામાં આવેલ છે. જેમાં મોટાભાગના કેસ સામાન્ય તકરારના હોવાનું જાણવા મળ્યું છે. જયારે તા.૨૧ને શુક્રવારે આયોજિત કરાયેલ રેવન્યુ અધિકારીઓની બેઠકમાં કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજકોટ જિલ્લાની રેવન્યુ કામગીરીની સમિક્ષા કરવામાં આવનાર છે.

રેવન્યુ અધિકારીઓની બેઠકમાં દબાણ હટાવ ઝુંબેશ, સરફેસી એકટ હેઠળ થયેલી કામગીરી સહિતની કામગીરીનો રિપોર્ટ કલેકટર પ્રભવ જોશી દ્વારા અધિકારીઓ પાસેથી લેવામાં આવનાર છે.અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૫ના રોજ લેન્ડગ્રેબીંગની બેઠક યોજવામાં આવી છે જેમાં ૧૦૦ કેસ સુનાવણી માટે મૂકવામાં આવનાર છે. જેમાં ૨૫ અરજદારોની રૂબરૂ સુનાવણી માટે નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

> "કાલે રેવન્યુ અધિકારી સાથે જિલ્લાની થયેલ કામગીરી અંગે થશો સમીક્ષા"

## અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસે ત્રણ રાજ્યોમાં તપાસનો દોર લંબાવ્યોઃ મહારાષ્ટ્રથી બેને દબોચી લેવાયા

# પાયલ હોસ્પિટલના ફુટેજ વેંચી કમાણી કરી'તીઃ ત્રણ ઝડપાયા

## એક ટીમ વધુ આરોપીને દબોચવા યુપી તરફ પહોંચીઃ હોસ્પિટલના સીસીટીવી હેક કરીને મહારાષ્ટ્રના પ્રજ્ઞેશ પાટીલ અને પ્રજ્વલ તૈલીએ રોકડી કરી હતીઃ બંનેને અમદાવાદ લાવી પુછપરછ

રાજકોટઃ શહેરના રૈયા રોડ ચોકડી સર્કલ નજીક આવેલી પાયલ મેટરનીટી હોમ હોસ્પિટલમાં પ્રસુતાઓની તપાસ થઇ રહી હોય તેના સીસીટીવી ફૂટેજના વિડીયો યુ-ટ્યુબ, ઇન્સ્ટાગ્રામ, ટેલીગ્રામ પર વહેતા થઇ જતાં ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદ સાયબર ક્રાઇમની ટીમના ધ્યાને આ વિડીયો આવતાં તપાસ થતાં તે રાજકોટની પાયલ મેટરનીટી હોમ હોસ્પિટલના હોવાનું ખુલતાં ગુનો નોંધી તપાસ શરૂ થઇ હતી. તપાસનો દોર ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, યુપી સુધી લંબાયો હતો. અંતે આ વિડીયો વેંચી વાયરલ કરનારા બે શખ્સોને મહારાષ્ટ્રથી ઝડપી લેવાયા છે. અન્ય એક ટીમ ઉત્તરપ્રદેશ તપાસ માટે પહોંચી હોઇ ત્યાંથી પણ એક આરોપી હાથમાં આવવાની શક્યતા છે. આ બંને ઝડપાયા તે સાથે એ પણ ખુલી રહ્યું છે કે આઇપીને આધારે હોસ્પિટલના ફુટેજ હેક કરી લેવાયા હતાં. બંનેએ પૈસા લઇને આ વિડીયો વેંચ્યા હતાં.



રૈયા રોડની હોસ્પિટલમાં પ્રસુતાને તપાસતી વખતેના CCTV ફૂટેજ વાયરલ થતાં ખળભળાટ મચી ગયો હતો

પાયલ હોસ્પિટલના વિડીયો વાયરલ થતાં દોડધામ મચી ગઇ હતી. અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસની ટીમે રાજકોટ આવી સ્થાનિક પોલીસને સાથે રાખી હોસ્પિટલમાં તબીબો અને સ્ટાફના નિવેદનો નોંધ્યાં હતાં. ઊંડાણભરી તપાસમાં બે શકમંદોના નામ ખુલતાં તપાસનો ત્રણ રાજ્ય સુધી વિસ્તારવામાં આવી છે. મહિલા સન્માનને ઠેસ પહોંચાડે તેવી વીડિયો વાયરલ થવાની ઘટનામાં હોસ્પિટલોની પણ ગુનાહીત બેદરકારી જણાઈ રહી છે. રાજકોટની હોસ્પિટલમાં પ્રસુતા અને અન્ય પ્રકારની ખાનગી કહી શકાય તેવી સારવાર માટે આવેલી મહિલાઓની તપાસના પ્રાઈવેટ વીડિયો યુટ્યુબ અને ટેલિગ્રામ ચેનલ ઉપર વાયરલ થયાની વિગતોમાં તથ્ય જણાતાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો હતો.

અમદાવાદ અને રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસની ટીમ સાથે મળી પાયલ મેટરનીટી હોમમાં તપાસ કરી ડીવીઆર અને સીસીટીવી ફૂટેજ કબજે કર્યા હતા. પાયલ મેટરનીટી હોમના સંબંધીત ડોકટરો અને સ્ટાફની આજે પુછપરછ કરી નિવેદનો પણ લીધા હતા. રાજકોટમાં સાયબર લેબોરેટરી તપાસમાં જોડાતાં બે શકમંદોના નામ ખુલતાં આંતરરાજ્ય તપાસ શરૂ કરવામાં આવી હતી. રાજકોટમાં તપાસ અને પૂછપરછ બાદ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમોને દોડતી કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું કે પ્રસૂતાઓના વીડિયો વાયરલ કરવાનો ગંદો ધંધો દેશવ્યાપી હોવાની ચર્ચા છે. પ્રાથમિક તપાસમાં જ ગુજરાત સહિત ત્રણ રાજ્યોમાંથી આ પ્રકારના કારસ્તાન કરતી ટોળકીઓ સક્રિય હોવાનું જણાઈ આવ્યું હતું.

જો કે આ પ્રકારના વીડિયો મેળવવા માટે નિશ્ચિત શખ્સો સક્રિય હોવાની વિગતો મળતાં ત્રણ રાજ્યોમાં તપાસ હાથ ધરાઇ હતી. ઊંડી તપાસના પગલે પ્રસૂતાઓ અને મહિલાઓના હોસ્પિટલમાં ખાનગી વીડિયો વાયરલ કરવાના દેશવ્યાપી નેટવર્કનો પર્દાફાશ થઇ શકે તેવી આશા છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં એવો ઘટસ્ફોટ થયો છે કે યુટ્યુબ અને ટેલિગ્રામની ચેનલો ઉપર માત્ર રાજકોટના નહીં ગુજરાતના અન્ય શહેરો ઉપરાંત ત્રણ રાજ્યોની મેટરનિટી હોસ્પિટલોના વીડિયો અપલોડ થયાં હતાં. આ પ્રકારના વીડિયો સોશિયલ મીડિયા ચેનલ ઉપર સબસ્ક્રાઈબ કરવા પડે છે.

મનોવિકૃતી સંતોષવા માટે વૈશ્વિક પ્લેટફોર્મ ઉપર આવા વીડિયો જોવા માટે રૂ. ૨૦૦થી ૧૦૦૦ સુધીનો ચાર્જ પણ ભરતાં હોવાની વિગતો પોલીસને મળી છે. રાજકોટ ઉપરાંત ગુજરાતની અન્ય કઈ કઈ હોસ્પિટલોમાંથી આ પ્રકારના વીડિયો સોશ્યલ મિડીયા ચેનલો ઉપર વાયરલ થયાં છે તે અંગે ઊંડાણભરી તપાસ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન રાજકોટની પાયલ હોસ્પિટલમાં મહિલાઓના સારવાર દરમિયાનના ચેકઅપના સીસીટીવી વેચવાના કૌભાંડમાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રથી બે આરોપી ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ ટેલિગ્રામ ચેનલમાં આ પ્રકારના દશ્યો વેચતા હતા.

આ માટે તેઓ લોકો પાસેથી મોટી રકમ લેતા હોવાની વિગતો પણ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ પાસે આવી છે. બીજી તરફ રાજકોટની હોસ્પિટલમાંથી સીસીટીવી આઇપીના આધારે હેક થયા હોવાની પણ સ્પષ્ટતા અમદાવાદ સાયબર ક્રાઈમ પાસેથી થઈ રહી છે. ટૂંક સમયમાં મહારાષ્ટ્રથી બન્ને આરોપીને લઈ અમદાવાદ સાઇબર ક્રાઇમ ગુજરાત પહોંચશે. અમદાવાદ સાઈબર ક્રાઈમે જે બે આરોપીઓને મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યા છે તેઓના નામ પ્રજ્ઞેશ પાટીલ અને પ્રજ્ઞવલ તૈલી હોવાનું જાણવા મળ્યું છે. એક ટીમ હજી યુપીમાં તપાસ કરી રહી છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી પાસેથી મળતી માહિતી પ્રમાણે, મહિલાઓના સારવાર દરમિયાન સીસીટીવી ફૂટેજ મેળવીને અલગ-અલગ લોકોને ટેલિગ્રામ ચેનલ પર જોવા માટે લિંક મોકલવાના પ્રકરણમાં બે આરોપીને અમદાવાદ સાઇબર ક્રાઇમ બ્રાન્ચની ટીમે મહારાષ્ટ્રના બે અલગ-અલગ જિલ્લામાંથી ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ પહેલાથી આ પ્રકારે મહિલાઓના અશ્લીલ વીડિયો વેચીને કમાણી કરતા હતા.

આ બંને આરોપીને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ લાવ્યા બાદ તેની વધુ પૂછપરછ કરવામાં આવશે. વધુમાં ઉમેર્યું કે, રાજકોટની જે હોસ્પિટલમાં સીસીટીવી આ યુટ્યૂબ ચેનલમાં અપલોડ કરવામાં આવ્યા હતા તે તપાસમાં પણ સ્પષ્ટ થયું છે કે હોસ્પિટલના સીસીટીવી કેમેરાના આઈપીના આધારે ફૂટેજ હેક કરવામાં આવ્યા હતાં. બાદમાં આ ફૂટેજ સોશિયલ મીડિયા પર વેચતા કરી દીધા હતાં. વિશેષ તપાસમાં વધુ ઘટસ્ફોટ થવાની પોલીસને આશા છે.